વર્ષ : ૩૬
અંક : ૨
ફેબ્રુઆરી-૨૦૧૨

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

Retail Price Rs. 5/- Each

# दिव्यध्वनि

આધ્યાત્મિક મુખપત્ર



કુંદિંદુ-ગોખીર-તુસાર-વન્ના, સરોજ-હત્થા કમલે નિસન્ના ;
વાઈસરી પુત્થય-વગ્ગ-હત્થા, સુહાય સા અમ્હ સયા પસત્થા.

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪ ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨
E-mail : srask@rediffmail.com, Web.: www.shrimad-koba.org

# એક વચનથી અજવાળું

(૧) વિવેકી આત્મા શાંતિ જાળવી શકે છે. કાળની રાહ જોઈ શકે તથા કળથી કામ કરે છે.
– ગચ્છાધિપતિશ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ

(૨) જિનવાણીનું શ્રવણ કરવાથી તત્ત્વશ્રદ્ધા અને ચારિત્રાચારનો લાભ થાય છે, જે જીવનમાં સુખ–શાંતિ–સમાધિ–સદ્‌ગતિ આપે છે. – આચાર્ય શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ

(૩) મન મરે તો ઈન્દ્રિયો મરે, ઈન્દ્રિયો મરે તો કર્મ મરે. કર્મમરણથી મોક્ષ થાય. માટે મનને મારવાનું. – પૂજ્ય પંન્યાસશ્રી ચંદ્રશેખરવિજયજી ગણિવર્ય

(૪) આ જગતમાં કોઈપણ જીવને સૂક્ષ્મ પણ માનસિક કે શારીરિક પીડા મારા તરફથી ન થવી જોઈએ એવો 'સર્વ સત્વ હિતાશય' ભાવ એ જ સાધુતાનું સ્વરૂપ છે.
– આચાર્ય શ્રી વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ

(૫) अस्तित्व तो है, व्यक्तित्व का विकास करें ।
– આચાર્ય શ્રી ગુણરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ

(૬) આ જન્મ અજન્મા થવા માટે છે. – આચાર્ય શ્રી જગવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબ

(૭) પાપગતિથી આત્માને દૂર રાખવો હોય તો બે કામ કરો. પહેલા નંબરમાં પાપરતિથી બચો અને બીજા નંબરમાં પાપમતિથી બચો. પાપનિમિત્તોની હાજરીમાં મનને પાગલ બનાવી દેવું એ છે પાપરતિ અને પાપનિમિત્તોની ગેરહાજરીમાં મનમાં પાપવિચારો જ રમતા રહે એ છે પાપમતિ.
– આચાર્યશ્રી રત્નસુંદરવિજયજી મહારાજ સાહેબ

(૮) શાંતિની સાધના કરે તે સાધુ. – આચાર્યશ્રી કુલચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ

(૯) મન તો કેટલું બધું મોટું છે ! પહાડને, દરિયાને પણ સમાવી લે છે. તો આપણે શા માટે એને સંકુચિત બનાવવું ? – આચાર્યશ્રી જયસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબ

(૧૦) શરીરનો ખોરાક જેમ ભોજન છે, તેમ આત્માનો ખોરાક ભજન છે.
– આચાર્યશ્રી વરબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ

(૧૧) ગુણ ગાતાં ગુણ આવે. અવગુણ ગાતાં અવગુણ.
– આચાર્યશ્રી અભયશેખરસૂરીશ્વરજી મહારાજ સાહેબ

(૧૨) ईर्ष्या मन का पीलिया रोग है । – આચાર્ય શ્રી પુણ્યરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ

(૧૩) आत्मा गुणों की खान है । – આચાર્ય શ્રી યશોરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ

(૧૪) पुद्‌गल की चकाचौंध व्यक्ति को पागल बना देती है ।
– આચાર્ય શ્રી રવિરત્નસૂરિજી મહારાજ સાહેબ

(૧૫) કોણ કેટલું જીવે છે તે મહત્ત્વનું નથી પણ કોણ કેવું જીવે છે તે મહત્ત્વનું છે.
– આચાર્યશ્રી હરિકાંતસૂરિજી મહારાજ સાહેબ

(૧૬) जो गिरना नहीं चाहता उसे कोई गिरा नहीं सकता ।
– આચાર્ય શ્રી રશ્મિરત્નસૂરિજી મહારાજ સાહેબ

(૧૭) દોષિત જીવોને પણ પ્રેમના મહાસાગરમાં નવરાવો.
– આચાર્ય શ્રી કલ્યાણબોધિસૂરિજી મહારાજ સાહેબ

-: પ્રેરક :-
**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

-: સંપાદક :-
**શ્રી મિતેશ એ. શાહ**

-: સ્વત્વાધિકારી :-
**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-
**ડૉ. શ્રી શર્મિષ્ટાબેન એમ. સોનેજી**
ટ્રસ્ટી, શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-
**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
કોબા - ૩૮૨ ૦૦૭
ફોન : (૦૭૯) ૨૩૨૭ ૬૨૧૯
૨૩૨૭ ૬૪૮૩/૮૪
ફેક્સ : (૦૭૯) ૨૩૨૭ ૬૧૪૨
srask@rediffmail.com
www.shrimad-koba.org

-: લવાજમ શ્રેણી :-
**ભારતમાં**
ત્રિવાર્ષિક રૂા. ૧૮૦
આજીવન રૂા. ૭૫૦
**પરદેશમાં**
By Air Mail
ત્રિ-વાર્ષિક : Rs. 2500
$-60, £-35
આજીવન : Rs. 7000
$-170, £-110
By Sea Mail
આજીવન : Rs. 3500
$-85, £-60

# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા

(૧) શ્રી સદ્ગુરુપ્રસાદ ...........શ્રીમદ્ રાજચંદ્રજી..... ૩
(૨) બ્રહ્મચર્ય............. પૂજ્યશ્રી આત્માનંદજી..... ૪
(૩) રત્નત્રય .................શ્રી મણિભાઈ શાહ..... ૮
(૪) આત્મપ્રેરણાની ભાવપ્રતિષ્ઠા...ડૉ. કુમારપાળ દેસાઈ .... ૧૧
(૫) શ્રી પદ્મનંદિ આચાર્ય ...પ્રા. ચંદાબહેન પંચાલી.... ૧૫
(૬) બાર ભાવના .................પૂજ્ય બહેનશ્રી.... ૧૮
(૭) શ્રી આનંદઘન ચોવીશી .. શ્રી અશોકભાઈ શાહ.... ૨૧
(૮) અપૂર્વ અવસર........... શ્રી વલભજી હીરજી.... ૨૪
(૯) સહેજ ઊંડું વિચારીએ .. શ્રી અનુપમભાઈ શાહ.... ૨૫
(૧૦) ચિંતન ............... શ્રી ચંપકભાઈ પરમાર્થી.... ૨૭
(૧૧) શ્રીકૃષ્ણ દર્શન ............ શ્રી ધૂની માંડલિયા.... ૨૮
(૧૨) શ્રીમંતાઈનો અહંકાર .........શ્રી રોહિત શાહ.... ૨૯
(૧૩) प्राणियों को पीड़ा नहीं.......... बा. ब्र. पवन जैन ..... ૩૧
..................................... बा. ब्र. कमल जैन
(૧૪) બાળવિભાગ ........... શ્રી મિતેશભાઈ શાહ.... ૩૩
(૧૫) Yuva Times ........................................... ૩૫
(૧૬) સમાજ-સંસ્થા દર્શન ............................૩૭

**વર્ષ : ૩૬ ફેબ્રુઆરી, ૨૦૧૨ અંક - ૨**

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**
કોબા - ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭ ૬૨૧૯/૪૮૩/૮૪
ફેક્સ : (૦૭૯) ૨૩૨૭ ૬૧૪૨
srask@rediffmail.com
www.shrimad-koba.org

## લેખકો / ગ્રાહકો / વાચકોને

☞ 'દિવ્યધ્વનિ' દર મહિને પ્રગટ થાય છે.

☞ કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.

☞ ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.

☞ ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા'**ના નામનો મોકલવો.

☞ સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.


☞ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.

☞ સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.

☞ કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદક મંડળને સંપૂર્ણ અધિકાર રહેશે.

☞ લેખકોનાં મંતવ્યો સાથે સંપાદક મંડળનું સહમત હોવું આવશ્યક નથી.

**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩



# પ્રાર્થના

હે પરમકૃપાળુદેવ !

આપે કહ્યું છે કે આ લોક ત્રિવિધ તાપથી આકુળ-વ્યાકુળ છે. સમયે સમયે અતુલ ખેદ, જવરાદિક રોગ, મરણાદિક ભય, વિયોગાદિક દુઃખને તે અનુભવે છે. એવી અશરણતાવાળા આ જગતને એક સત્પુરુષ જ શરણ છે. સત્પુરુષની વાણી વિના કોઈ એ તાપ અને તૃષા છેદી શકે નહીં એમ નિશ્ચય છે. માટે ફરી ફરીને અમે સત્પુરુષના ચરણનું ધ્યાન કરીએ છીએ.

આપની આ સંપૂર્ણ સત્ય વાત અનુભવગમ્ય છે. છતાં બાળક જેમ માતા-પિતા પાસે પોતાને જેમ લાગે તેમ બોલે છે, તેમ મને પણ બીજી એક વાત કહેવાનું મન થાય છે. મારા એ દોષને ક્ષમ્ય ગણવા કૃપા કરશો. વિશિષ્ટ પુણ્યના અભાવથી કદાચ સત્પુરુષની વાણી સાંભળવાં કે વાંચવા ન મળે, તો પણ એ વાણીનો સંગ્રહિત ગ્રંથ હાથમાં આવતાં આનંદ અનુભવાય છે. જેમ બરફનો ટુકડો મોઢામાં મૂકતાં તો ઠંડક થાય જ છે, પરંતુ હાથમાં લેતાં પણ ઠંડક અનુભવાય છે, તેમ વચનામૃતજી ગ્રંથ હાથમાં લેતાં પણ આનંદનો અનુભવ થાય છે. એમાં બિરાજમાન આપના ચિત્રપટના દર્શન થતાં અપૂર્વ શાંતિ અને અવર્ણનીય આનંદની અનુભૂતિ થાય છે. આપની વાણી તો ત્રિવિધ તાપ અને તૃષા છેદે જ છે. પરંતુ આપનું દર્શન પણ અંતરને શાંતિ આપે છે. વિષાદ દૂર થઈ જાય છે, અને હૃદય પુલકિત થઈ જાય છે.

આપના વચનામૃતનો આસ્વાદ લેતાં ધર્મધ્યાન અને વૈરાગ્યની સમજણ આવે છે, કર્મનું સ્વરૂપ સમજાય છે અને જીવનના સંઘર્ષો ગૌણ બનતા જાય છે. જીવોને રત્નસમાન અનુભવવચનો અને બોધવચનોની સંપ્રાપ્તિ થતાં મોક્ષમાર્ગના રહસ્યો ખુલતાં જાય છે. પડવાના સ્થાનકો અને અધોગતિના કારણો પ્રત્યે જાગરૂકતા આવે છે. મનુષ્યભવ સફળ કરવાની સોનેરી શિખામણોનો જ્યારે ધોધ (બોધ) વરસે છે ત્યારે મનમાં અહો કૃપાળુ ! અહો કૃપાળુ ! એવો નાદ ગૂંજે છે. મન આપના પરમ ઉપશમરૂપ ચરણારવિંદને નમસ્કાર કરી, વારંવાર તેને ચિંતવી તે જ માર્ગમાં પ્રવૃત્તિની ઈચ્છા કરે છે. ભવોભવ આપનું શરણ મળો એવી અદમ્ય ઝંખના પણ કરે છે.

સત્પુરુષોનું યોગબળ જગતના જીવોનું કલ્યાણ કરો.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥


**- પૂર્ણિમાબેન શાહ**

# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

B B B B B B B B B **શ્રીમદ્ રાજચંદ્રજી** B B B B B B B B B

## શિક્ષાપાઠ - ૨૮

### રાત્રિભોજન



અહિંસાદિક પંચ મહાવ્રત જેવું ભગવાને રાત્રિભોજનત્યાગવ્રત કહ્યું છે. રાત્રિમાં જે ચાર પ્રકારના આહાર છે તે અભક્ષરૂપ છે. જે જાતિનો આહારનો રંગ હોય છે, તે જાતિના તમસ્કાય નામના જીવ તે આહારમાં ઉત્પન્ન થાય છે. રાત્રિભોજનમાં એ સિવાય પણ અનેક દોષ રહ્યા છે. રાત્રે જમનારને રસોઈને માટે અગ્નિ સળગાવવી પડે છે; ત્યારે સમીપની ભીંત પર રહેલાં નિરપરાધી સૂક્ષ્મ જંતુઓ નાશ પામે છે. ઈંધનને માટે આણેલાં કાષ્ઠાદિકમાં રહેલાં જંતુઓ રાત્રિએ નહીં દેખાવાથી નાશ પામે છે; તેમજ સર્પના ઝેરનો, કરોળિયાની લાળનો અને મચ્છરાદિક સૂક્ષ્મ જંતુનો પણ ભય રહે છે. વખતે એ કુટુંબાદિકને ભયંકર રોગનું કારણ પણ થઈ પડે છે.

રાત્રિભોજનનો પુરાણાદિક મતમાં પણ સામાન્ય આચારને ખાતર ત્યાગ કર્યો છે, છતાં તેઓમાં પરંપરાની રૂઢિથી કરીને રાત્રિભોજન પેસી ગયું છે, પણ એ નિષેધક તો છે જ.

શરીરની અંદર બે પ્રકારનાં કમળ છે; તે સૂર્યના અસ્તથી સંકોચ પામી જાય છે; એથી કરીને રાત્રિભોજનમાં સૂક્ષ્મ જીવભક્ષણરૂપ અહિત થાય છે, જે મહારોગનું કારણ છે એવો કેટલેક સ્થળે આયુર્વેદનો પણ મત છે.

સત્પુરુષો તો દિવસ બે ઘડી રહે ત્યારે વાળુ કરે, અને બે ઘડી દિવસ ચઢ્યા પહેલાં ગમે તે જાતનો આહાર કરે નહીં. રાત્રિભોજનને માટે વિશેષ વિચાર મુનિસમાગમથી કે શાસ્ત્રથી જાણવો. એ સંબંધી બહુ સૂક્ષ્મ ભેદો જાણવા અવશ્યના છે. ચારે પ્રકારના આહાર રાત્રિને વિષે ત્યાગવાથી મહદ્‌ફળ છે. એ જિનવચન છે.


## પત્રાંક - ૨૩૧

**મુંબઈ, ચૈત્ર સુદ ૭, બુધ, ૧૯૪૭**

મહાત્મા કબીરજી તથા નરસિંહ મહેતાની ભક્તિ અનન્ય, અલૌકિક, અદ્‌ભુત, અને સર્વોત્કૃષ્ટ હતી, તેમ છતાં તે નિઃસ્પૃહા હતી. સ્વપ્ને પણ તેમણે એવી દુઃખી સ્થિતિ છતાં આજીવિકા અર્થે, વ્યવહારાર્થે પરમેશ્વર પ્રત્યે દીનપણું કર્યું નથી; તેમ કર્યા સિવાય જોકે ઈશ્વરેચ્છાથી વ્યવહાર ચાલ્યો ગયો છે, તથાપિ તેમની દારિદ્રયાવસ્થા હજુ સુધી જગત-વિદિત છે; અને એ જ એમનું સબળ માહાત્મ્ય છે. પરમાત્માએ એમના 'પરચા' પૂરા કર્યા છે તે એ ભક્તોની ઈચ્છાથી ઉપરવટ થઈને. ભક્તોની એવી ઈચ્છા ન હોય, અને તેવી ઈચ્છા હોય તો રહસ્યભક્તિની તેમને પ્રાપ્તિ પણ ન હોય. આપ હજારો વાત લખો પણ જ્યાં સુધી નિઃસ્પૃહ નહીં હો, (નહીં થાઓ) ત્યાં સુધી વિટંબના જ છે.

# બ્રહ્મચર્ય

પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી



સામાન્યપણે કહીએ તો બ્રહ્મ એટલે આત્મા અને ચર્યા એટલે આચરણ. **આત્માને પ્રાપ્ત કરવા માટે જે આચારસંહિતા ઉપકારી છે તેને બ્રહ્મચર્ય કહી શકાય.** બ્રહ્મચર્યનો વિષય એટલો વ્યાપક, એટલો સૂક્ષ્મ, એટલો વિશાળ અને એટલો જટિલ છે કે તેનું સર્વતોમુખી વિશ્લેષણ બ્રહ્મનિષ્ઠ, આત્માનુભવી સદ્‌ગુરુ જ મહદ્ અંશે કરવાને સમર્થ છે. આમ છતાં દેશ-કાળને અનુસરીને વિવરણ કરવામાં આવે છે તે અતીન્દ્રિય આનંદના ઈચ્છુક પુરુષોના આત્માના પ્રદેશોને પ્રમોદ પમાડનારું નીવડો અને તે ઉત્તમ વ્રતની આરાધના પ્રત્યે તેમનો પુરુષાર્થ જાગો.

## ભૂમિકા

આર્યસંસ્કૃતિના પુરસ્કર્તાઓએ માનવજીવનના સામાન્ય રીતે ચાર પુરુષાર્થ સ્વીકાર્યા છે : ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. આ ચાર પુરુષાર્થની સામાન્ય સિદ્ધિ માટે તેઓએ બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યસ્ત એમ ચાર પ્રકારના આશ્રમોની પણ પ્રરૂપણા કરી છે અને જનસામાન્યને ખ્યાલમાં રાખતાં આ વ્યવસ્થા બહુધા ઉપયોગી સાબિત થઈ છે. એક નાનો વર્ગ સમાજમાં એવો પણ છે કે પૂર્વસંસ્કારવશ તેમજ સદ્‌ગુરુસત્સંગ અને મુમુક્ષુતાને જોરે બાળપણથી જ આજીવન બ્રહ્મચર્યનો સ્વીકાર કરી આત્મસાધનામાં લાગી જાય છે. જો યથાર્થ દૃષ્ટિ સંપ્રાપ્ત થાય તો આજીવન બ્રહ્મચર્યથી અનેક વિશિષ્ટતાઓની અને આત્મસિદ્ધિની પ્રાપ્તિ સહેલાઈથી થઈ શકે છે, એમ અનેક સંત-મહાત્મા અને આચાર્યોના જીવનથી પ્રગટપણે સાબિત થયું છે.

## બ્રહ્મચર્યની સાધના

[૧] સામાન્ય સદ્‌ગૃહસ્થની અપેક્ષાએ

[૨] મુમુક્ષુ અને જ્ઞાનીની અપેક્ષાએ

[૩] સંપૂર્ણ બ્રહ્મચર્ય.

**[૧] સામાન્ય સદ્‌ગૃહસ્થની અપેક્ષાએ :**

આ કક્ષાના સાધકોને પોતાના ધંધા-રોજગાર, કુટુંબ-વ્યવસ્થા અને સમાજ-સંબંધો સાચવીને સાધના કરવાની હોય છે. તેઓ માત્ર શિષ્ટાચારના નાતે અથવા ધર્મગુરુના કહેવાથી અમુક રીતે બ્રહ્મચર્ય પાળવા માટે પ્રયત્નશીલ હોય છે. અહીં તો સમાજમાં પોતાનું નામ સદાચારી તરીકે રહે અને લોકોમાં ચારિત્રવાન કહેવાય તે દૃષ્ટિથી પરસ્ત્રીગમનનો પોતે ત્યાગ કરે છે. અહીં અધ્યાત્મદૃષ્ટિની તદ્દન ગૌણતા છે કારણ કે બ્રહ્મચર્યનું સ્વરૂપ વગેરે વિશેષપણે જાણ્યાં નથી. સામાન્ય રીતે જનસમાજમાં ઉચ્ચ સ્થાનને પ્રાપ્ત પુરુષો પાસેથી જે સચ્ચારિત્રની અપેક્ષા રાખવામાં આવે છે તેને આધીન થઈ, તેમ જ દુરાચારના શારીરિક અને સામાજિક ગેરફાયદાઓને લક્ષમાં લઈને અહીં સામાન્ય રીતે એકપત્નીવ્રતનું પાલન હોય છે.

**[૨] મુમુક્ષુ અને જ્ઞાનીની અપેક્ષાએ :**

અહીં સમજણપૂર્વકના બ્રહ્મચર્યની શરૂઆત

થાય છે. બ્રહ્મચર્ય તે શારીરિક, માનસિક, સામાજિક અને આધ્યાત્મિક - સર્વ પ્રકારની ઉન્નતિનું મૂળ કઈ કઈ રીતે છે તેનું વૈજ્ઞાનિક પૃથકકરણ કરીને પોતાને સર્વ સુખકર અને ઉપયોગી હોવાથી અહીં બ્રહ્મચર્યવ્રતમાં સાચી પ્રીતિ ઉત્પન્ન થઈ હોય છે.

સ્વાધ્યાયમાં, ભક્તિમાં, ધર્મવાર્તાના પ્રસંગોમાં, આત્મભાવનામાં, આસનસિદ્ધિમાં, વિવિધ પ્રકારના ધ્યાનમાં બ્રહ્મચર્યપાલન વિશિષ્ટપણે સહકારી છે એમ જાણીને તેના વ્યાવહારિક અને પારમાર્થિક સ્વરૂપની સાધના અહીં ચાલુ થાય છે.

**જ્યાં સુધી નિયમથી સ્વદારાસંતોષ ન રહે ત્યાં સુધી તીવ્ર સંકલેશના ભાવ મટતા નથી તો સ્વાધ્યાયશીલતાની કેવી રીતે સિદ્ધિ થાય ?** આવો સાધક શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે ક્રમે કરીને પોતાની જીવનચર્યાને ગોઠવે છે અને જે કારણો બ્રહ્મચર્યપાલનમાં બાધારૂપ હોય તે તે સર્વ કારણોને પોતાની શક્તિ પ્રમાણે છોડીને અને સહાયક હોય તેવાં કારણોને અંગીકાર કરીને પોતાના અભ્યાસરૂપ વ્રતમાં સ્થિર થાય છે :

(૧) વારંવાર સત્સંગનો યોગ અને સંત-મહાત્માઓનો પરિચય.

(૨) પ્રશસ્ત ક્રમનું નિયમથી અનુસરણ, એટલે કે મનને જરા પણ નવરું ન રહેવા દેતાં કાંઈને કાંઈ સારા કાર્યમાં નિરંતર જોડેલું રાખવું.

(૩) સત્શાસ્ત્રોનો પદ્ધતિપૂર્વક અને નિયમપૂર્વક અભ્યાસ.

(૪) પરમાત્માની ભક્તિ-પૂજા-સ્તુતિ વડે વિનયગુણની આરાધના અને પોતાના દોષો પ્રત્યે સજાગતા.

(૫) સારી ટેવો પાડીને અને ઉપયોગી નિયમો ધારણ કરીને વ્યસનરહિતતાની સિદ્ધિ અને નિયમિત જીવન જીવવાની ટેવ કે જેથી ઈન્દ્રિયો અને મનનું જીતવું સરળ થાય તેમજ સાધનામાં મન સહેજે સ્થિર થઈ શકે.

(૬) મનને ઉન્મત્ત બનાવનાર બાહ્ય સાધનોનો અપરિચય. નાટક, સિનેમા, ભવાઈ, કલબ, અશિષ્ટ મનોરંજનમાં ન જોડાવું તે.

(૭) અશિષ્ટ સાહિત્યનો અપરિચય-કામોત્તેજક વાર્તાઓ, ફોટાઓ, નવલિકાઓ કે ગાયન-નાટકો ન વાંચવાં અને તે પુસ્તકો વગેરે પોતાની સાથે પણ ન રાખવાં.

(૮) આહારવિષયક શિસ્તમાં બહુ મરી-મસાલાવાળા પદાર્થોનો અને ડુંગળી-લસણ વગેરેનો ત્યાગ. માંસાહાર - દારૂ - ગાંજો - ચરસ - અફીણનો સર્વથા ત્યાગ. બહુ ગરિષ્ટ પદાર્થો ઘી-દૂધ-મલાઈ વગેરેનું માત્ર અમુક પ્રમાણમાં જ ગ્રહણ જેથી સામાન્ય શરીર-સ્વાસ્થ્ય જળવાય, પરંતુ ઈન્દ્રિયો ઉન્મત્ત બને નહીં. રોટલી, દાળ, ભાત, શાક, કઠોળ, ફળ, છાશ, ખાખરા, ઢેબરાં તથા પાણી અને પ્રવાહીનો પૂરતા પ્રમાણમાં ઉપયોગ કરવાથી ભોજનવિષયક સાત્ત્વિકતા તેમજ તાત્ત્વિકતા જળવાશે. શરીર અને મન પ્રફુલ્લિત રહેશે અને પ્રસન્નતાથી સ્વાધ્યાય-સત્સંગ-ધ્યાનમાં મન લાગી જશે. પ્રસંગોપાત વચ્ચે વચ્ચે અલ્પાહાર અને રસાસ્વાદત્યાગના અભ્યાસથી સાધનામાં ગતિશીલતા આવશે, શરીર હલકું રહેશે, પ્રમાદનો નાશ થશે અને આસનની સ્થિરતા વધશે.

આ કક્ષાની સાધનામાં તત્ત્વનો અભ્યાસ પણ સાથે સાથે કરવાનો હોય છે. આમ,

બ્રહ્મચર્યપાલન તે માત્ર શારીરિક પ્રક્રિયા નથી પણ આત્મજાગૃતિની સતત સાધના છે, એમ સાધકને સદ્‌બોધ દ્વારા નિશ્ચય થાય છે. અહીં નિયમપૂર્વક સ્વદારાસંતોષ વર્તે છે એટલું જ નહીં પણ જ્યારે જ્યારે અલ્પપણે સ્વસ્ત્રીનો પ્રસંગ થઈ જાય છે ત્યારે ત્યારે તે વિશે ખેદ અને પ્રાયશ્ચિત્ત સહિત પોતાના આત્મબળ વિશે ધિક્કારની ભાવના ઊપજે છે. ફરી ફરી સદ્‌બોધ, સત્સંગ, તીર્થયાત્રા અને તત્ત્વાભ્યાસ દ્વારા બ્રહ્મચર્ય વિશે બહુમાન લાવીને સાધક પૂર્વે થયેલા હનુમાન, ભીષ્મપિતામહ, ભગવાન નેમિનાથ (અરિષ્ટનેમિ), ભગવાન પાર્શ્વનાથ, સુદર્શન શેઠ વગેરે ઉત્તમ પુરુષોનાં ચારિત્રનું સ્મરણ કરીને પોતાના આત્માને પ્રેરણા આપે છે. આ જમાનામાં મહાત્મા ગાંધીજી અને શ્રીરામકૃષ્ણ પરમહંસે, વિવાહિત જીવનમાં રહીને પણ બ્રહ્મચર્યસાધનાનાં સુંદર અને પ્રેરણાત્મક જીવંત દૃષ્ટાંતો આપણી સમક્ષ રજૂ કર્યાં છે. આ કક્ષામાં મહિનામાં બારથી માંડીને અઠ્ઠાવીસ દિવસ સુધીનું કે તેથી વધુ બ્રહ્મચર્યપાલન હોય છે, જેથી સાધના વિશે પણ સ્થિરતા પ્રાપ્ત થવામાં ઘણી સફળતા રહે છે.

**[૩] સંપૂર્ણ બ્રહ્મચર્ય :**

પારમાર્થિક દૃષ્ટિએ જોઈએ તો આ દશા અલૌકિક છે. તેની ખરેખરી પ્રાપ્તિ વિરક્ત આત્મજ્ઞાની પુરુષને જ હોય છે.

અહીં વ્રતનું પાલન હોય છે. જો કે પરમાર્થ દૃષ્ટિએ તો નિર્ગ્રંથ મુનીશ્વરો આ મહાવ્રતના ધારણ કરનારા છે કારણ કે જ્ઞાનસંયમની સાતિશય સાધનાના ફળસ્વરૂપે તેઓને જ આત્મામાં ખરેખરી રમણતા-લીનતા-ચર્ચા હોય છે, છતાં પણ ક્રમશઃ સાધના દ્વારા જેઓએ બ્રહ્મચર્યમાં સ્થિરતા પ્રાપ્ત કરી છે તેવા મનુષ્યોને પણ વચન અને કાયાથી સંપૂર્ણ અને મનથી યથાશક્તિ પાલન આ કક્ષાએ સિદ્ધ થાય છે.

મોટાભાગે આવા મનુષ્યો પોતાના વ્રતના નિર્દોષ નિભાવ માટે કોઈ ગુરુકુળ, આશ્રમ કે પરમાર્થસંસ્થામાં રહેવાનું પસંદ કરે છે કારણ કે તેવા સંજોગોમાં પોતાને સત્સંગ અને આત્મબોધનો સતત પરિચય થઈ શકે છે અને પોતાની આત્મદશા આગળ વધારવામાં દરેક જાતની મદદ મળે છે. આવા સાધકો ઘણુંખરું પૂર્ણ-સાધક હોય છે. કોઈ કોઈને પૂર્વના ગૃહસ્થાશ્રમ સંબંધી અલ્પ જવાબદારી બાકી રહી ગઈ હોય તો તે નિભાવવા માટે કોઈ કોઈ વાર ઘેર જવું પડે છે પણ ક્રમે કરીને તે જવાબદારી પણ જ્યારે પૂરી કરી નાખવામાં આવે ત્યારે નિતાંત આત્મસાધનાને વિશે લય લાગે છે અને પૂર્ણ-બ્રહ્મચર્ય તેના ખરેખરા સ્વરૂપમાં પ્રગટે છે.

કહેવાની ભાગ્યે જ જરૂર છે કે જ્યારે આ સાધકોને ખાસ કારણથી ઘેર જવું પડે છે ત્યારે તેઓ પોતે અલગ એકાંત ઓરડામાં રહે છે, પોતાનો નિત્યક્રમ જાળવે છે અને ખાસ જરૂરી હોય તે સિવાયનાં દુનિયાનાં કાર્યોમાં પણ રસ લેતાં નથી અને ફરી પાછા કામ પતે કે તુરત જ સત્સંગના યોગમાં ચાલ્યા જાય છે.

## બ્રહ્મચર્યનો મહિમા :

(૧) નીરખીને નવયૌવના, લેશ ન વિષયનિદાન;
ગણે કાષ્ઠની પૂતળી, તે ભગવાન સમાન.
એક વિષયને જીતતાં, જીત્યો સૌ સંસાર;
નૃપતિ જીતતાં જીતિયે, દળ, પુર ને અધિકાર.
પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન;
પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન.

- **શ્રીમદ્ રાજચંદ્રજી**

(૨) તે (પરમાત્મતત્ત્વ) ને પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળાઓ બ્રહ્મચર્યનું પાલન કરે છે.

(૩) સર્વ ચારિત્ર વશીભૂત કરવા માટે, સર્વ પ્રમાદ ટાળવાને માટે, આત્મામાં અખંડવૃત્તિ રહેવાને માટે, મોક્ષસંબંધી સર્વ પ્રકારની સાધનાના જય માટે બ્રહ્મચર્ય અદ્‌ભુત અનુપમ સહાયકારી છે.

(૪) જે સર્વ વ્રતોમાં દુર્ઘટ મુખ્યપણાને પામેલું છે, જેના ભંગનું કોઈ પ્રાયશ્ચિત્ત સાધુને માટે કહ્યું નથી, અને જે તૂટવાથી ઉચ્ચ સાધકનું સર્વતોમુખી પતન થાય છે તે બ્રહ્મચર્યવ્રતનું સાધકો અત્યંત સાવધાનીથી જતન કરે છે.

(૫) બ્રહ્મચર્યને સર્વોત્તમ તપ કહ્યું છે.

(૬) નિરતિચાર સત્યાર્થ સંપૂર્ણ બ્રહ્મચારી પુરુષ જગત વડે જ નહીં પરંતુ જગતના સર્વ પૂજ્ય પુરુષો વડે પણ પૂજનીય છે.

(૭) જેઓ અલ્પશક્તિવાળા છે, જેઓ શીલરહિત છે, જેઓ દીનલાચાર છે અને જેઓ ઈન્દ્રિયોના ગુલામ છે તેઓ સ્વપ્નમાં પણ બ્રહ્મચર્ય પાળી શકતાં નથી. મહાન પરાક્રમી પુરુષો જ આ દુર્ધર વ્રતને ધારણ કરવાને શક્તિમાન બને છે.

(૮) અનંતા જ્ઞાની પુરુષોએ જેનું પ્રાયશ્ચિત્ત કહ્યું નથી, જેના ત્યાગનો એકાંત અભિપ્રાય આપ્યો છે એવો જે 'કામ' તેનાથી જે મૂંઝાયા નથી તે પરમાત્મા છે.

(૯) બ્રહ્મચર્યથી વીર્યનો લાભ થાય છે, દીર્ઘાયુની પ્રાપ્તિ થાય છે, ચિત્ત પ્રસન્ન રહે છે, શરીરમાં સ્ફૂર્તિનો અનુભવ થાય છે, બુદ્ધિશક્તિ વધે છે, સ્મરણશક્તિ તેજસ્વી થાય છે, વાણી સુમધુર અને પ્રભાવશાળી બને છે, આસનસિદ્ધિની પ્રાપ્તિ થાય છે, સુવિચારદશા લંબાય છે, ધ્યાનમાં થાકનો અભાવ થાય છે અને સર્વતોમુખી આત્મસંયમ પ્રગટવાથી મહાન આનંદપ્રદ સમાધિના સ્વામી બની શકાય છે. આથી એમ જાણીએ છીએ કે બ્રહ્મચર્ય તે સાધકનો એક સર્વોત્તમ સાથી છે.

• • •

## સદ્‌ગુણોથી જીવન બને મૂલ્યવાન

**સંકલન : છીતુભાઈ ગો. ભક્ત (વિદ્યાનગર)**

૧. **પવિત્રતા** સદ્‌ગુણોની જનની છે.
૨. **પ્રેમ** સદ્‌ગુણોનો રાજા છે.
૩. **શાંતિ** સદ્‌ગુણોની રાણી છે.
૪. **સત્ય** સદ્‌ગુણોની આંખ છે.
૫. **ક્ષમા** સદ્‌ગુણોનો પાયો છે.
૬. **ધૈર્ય** સદ્‌ગુણોનો કિલ્લો છે.
૭. **કરુણા** સદ્‌ગુણોની સાંકળ છે.
૮. **નમ્રતા** સદ્‌ગુણોની સુગંધ છે.
૯. **વિવેક** સદ્‌ગુણોનો શણગાર છે.
૧૦. **સહનશીલતા** સદ્‌ગુણોની દીવાલ છે.
૧૧. **વિશ્વાસ** સદ્‌ગુણોનો તાજ છે.
૧૨. **સાહસ** સદ્‌ગુણોનું હૃદય છે.
૧૩. **દઢતા** સદ્‌ગુણોની ચાવી છે.
૧૪. **ઈમાનદારી** સદ્‌ગુણોનો સાથી છે.
૧૫. **મધુરતા** સદ્‌ગુણોનું ઝરણું છે.
૧૬. **ગંભીરતા** સદ્‌ગુણોની રક્ષક છે.
૧૭. **સ્થિરતા** સદ્‌ગુણોનો સેતુ છે.
૧૮. **સાદગી** સદ્‌ગુણોની સુંદરતા છે.
૧૯. **સરળતા** સદ્‌ગુણોને લાવનાર છે.

# રત્નત્રય
## સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્ર
(ક્રમાંક - ૧૯)

મણિભાઈ ઝ. શાહ

(ગતાંકથી ચાલુ...)

આપણે રત્નત્રયમાં સમ્યક્ જ્ઞાનની વિચારણા કરી રહ્યા છીએ. આ માટેના સાત-નવ તત્ત્વો પૈકી સંવર તત્ત્વની વિચારણા ચાલુ છે. સંવર એટલે કર્મોને આવતાં રોકવાં તે. તેનાં સત્તાવન પ્રકારો કહ્યાં છે તે પૈકી હવે છેલ્લા બાર પ્રકાર - બાર ભાવના વિષે અત્રે વિચારીશું.

### બાર ભાવના

ભાવના ભાવવાની છે એટલે કે એ પ્રમાણે આપણા ભાવ થવાં જોઈએ. ખાલી બોલી જવાથી કે ગોખી જવાથી કામ થાય નહિ. એક પ્રસંગ યાદ આવે છે. એક વખત એક સંતની સાથે સ્પેશીયલ બસમાં બીજા મુમુક્ષુઓની સાથે મારે લગભગ અર્ધો કલાક એક ગામથી બીજે ગામ જવા માટે બેસવાનું થયું. બસ ચાલી એટલે બધાએ ધૂન શરૂ કરી કે 'આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે' બીજે ઠેકાણે પહોંચ્યા પછી સંતે મને પૂછ્યું કે, કેવી રહી ધૂન? મેં કહ્યું કે બધા બોલ્યા તો ખરા પણ કોઈએ ભાવના ભાવી ખરી કે હું આત્મા છું, આ દેહ તે હું નહીં ? કૃપાળુદેવે તો 'આતમભાવના ભાવતાં' એમ કહ્યું છે, બોલતાં એમ નહીં. બધા ફક્ત બોલ્યા જ. સંતે પણ કહ્યું કે વાત તો સાચી છે. મેં પછી ઉમેર્યું કે આટલી વાર બીજી વાતોમાં-ટીકાઓમાં ન પડયા એટલો ફાયદો થયો કહેવાય.

ભાવના ભાવ્યા વગરની ક્રિયા કંઈ ફળ આપતી નથી એમ 'કલ્યાણમંદિર સ્તોત્ર'માં કહ્યું છે, ગાથા છે -

यस्मात् क्रिया प्रतिफलन्ति न भावशून्या ।

"ક્યોં કી ક્રિયા ભાવરહિત, નહીં આપતી ફળ ક્યાંયે"

આપણે બોલીએ પણ છીએ કે -

**"ભાવે જિનવર પૂજિયે (આરાધિયે), ભાવે દીજે દાન,**
**ભાવે ભાવના ભાવીએ, ભાવે કેવળજ્ઞાન."**

આમ, ભાવના ભાવવાની અગત્યતા સમજીને ભગવાને કહેલી બાર ભાવનાઓ વિષે જોઈએ. આ ભાવનાના અર્થ વિષે જુદાં જુદાં વિદ્વાનોએ જુદી જુદી ચર્ચાઓ કરેલી છે. જે વિષે બહેનશ્રી ડૉ. શર્મિષ્ટાબેનના 'દિવ્યધ્વનિ'માં લેખો લખવાનું ચાલુ છે તે વિગતે જોઈ લેવું. અત્રે આપણે શ્રી ભુદરદાસજીએ લખેલી ભાવના જોઈશું અને એ વિષે ઊંડાણમાં જવા પ્રયત્ન કરીશું. આ બાર ભાવનાઓ આ પ્રમાણે છે :

(૧) અનિત્ય (૨) અશરણ (૩) સંસાર (૪) એકત્વ (૫) અન્યત્વ (૬) અશુચિ (૭) આસ્રવ (૮) સંવર (૯) નિર્જરા (૧૦) લોક ભાવના (૧૧) ધર્મદુર્લભ (૧૨) બોધિદુર્લભ.

હવે આ દરેક ભાવના વિષે જોઈએ.

**(૧) અનિત્ય ભાવના :-**

**રાજા રાણા છત્રપતિ, હાથીન કે અસવાર,**
**મરના સબકો એક દિન, અપની અપની બાર.**

એટલે રાજા હોય કે ગમે તેવી મોટી વ્યક્તિ

હોય પણ એને એક દિવસ મરવું પડે છે. એ નિત્ય રહી શકતો નથી. આપણે જોયું છે કે મહાન સંતો હોય, રાજા વગેરે હોય કે રાજનેતા હોય - દરેકને કયારેને ક્યારે મૃત્યુ આવે છે. તીર્થંકર જેવાને પણ મૃત્યુ આવે છે - આપણે એને નિર્વાણ કહીએ છીએ કારણ કે એમને હવે નવો જન્મ લેવો પડતો નથી - તે સિદ્ધ થઈ જાય છે. એમનું આયુષ્ય ગમે તેટલું લાંબુ હોય - દા.ત. પહેલા તીર્થંકર ઋષભદેવ - એમનું આયુષ્ય ૮૪ લાખ x ૮૪ લાખ x ૮૪ લાખ એટલા વર્ષ હતું, શાંતિનાથ - સોળમાં તીર્થંકર - એમનું આયુષ્ય એક લાખ વર્ષનું હતું અને છેલ્લા તીર્થંકર મહાવીર સ્વામી - એમનું આયુષ્ય બોંતેર વર્ષનું હતું. આમ આયુષ્ય વત્તા-ઓછું હોઈ શકે, પણ એનો અંત જરૂર આવે છે.

આ અનિત્ય ભાવના ભાવીએ તો આપણને અત્યારે મળેલી સુખ-સગવડો કે માન-પ્રતિષ્ઠાનું અભિમાન ન આવે અને જો દુઃખો વગેરે હોય તો ગભરાઈ જવાય નહીં.

**(૨) અશરણ ભાવના :-**

**"દલબલ દેવી દેવતા, માત પિતા પરિવાર,**
**મરતી બીરીયાં જીવકો, કોઉ ન રાખનહાર."**

આ ભાવના કહે છે કે જ્યારે મરણ આવશે ત્યારે કોઈ બચાવી શકશે નહીં. આપણને નાનપણથી એવા સંસ્કાર પડ્યા છે - કંઈક દુઃખ આવતાં બોલી જઈએ છીએ કે 'ઓ બાપરે, મરી ગયો' અથવા 'ઓ માડી રે મરી ગયો' આપણને એમ લાગે છે કે મરવાનું આવશે ત્યારે બાપ કે મા - મને કોઈક બચાવી લેશે. પણ પછી મોટા થયા પછી સમજમાં આવે છે કે મરવાનું આવશે ત્યારે કોઈ બચાવી શકશે નહીં.

ઉપરની ગાથામાં કહ્યું કે ગમે તેવું મોટું લશ્કર હશે તો પણ તે મૃત્યુથી નહીં બચાવી શકે. સિકંદરની વાત જાણીતી છે કે ઘણા દેશો જીત્યા પછી પાછા એમના દેશ તરફ જતાં એમની તબિયત બગડી. એમને ઘરે જઈને એમના માતુશ્રીને ખાસ મળવું હતું. એટલે એમણે સાથે રાખેલા વૈદ્યો અને હકીમોને કહ્યું કે ગમે તેમ કરીને હું મારા માતુશ્રીને મળું ત્યાં સુધી જીવું એવું તમે કરો. વૈદ્યો-હકીમોએ કહ્યું કે અમે પ્રયત્ન કરીએ પણ ગેરંટી ન આપી શકીએ અને થયું પણ એવું કે એમનું મૃત્યુ થયું. મૃત્યુ પહેલાંની ક્ષણમાં સિકંદરે કહ્યું કે મારા હાથ કફનની બહાર ખુલ્લા રખાવજો અને લોકોને કહેજો કે સિકંદરે આટલું બધું જીત્યું પણ છેવટે ખાલી હાથે જ એ ગયો. સાથે કંઈ લઈ જઈ શક્યો નહીં. આ વાત ભલે સિકંદરની હોય - પણ આપણને સૌને એ લાગુ પડે છે.

કેટલાકને એમ હોય છે કે અમુક દેવી કે દેવની પૂજા કરવાથી મૃત્યુ નહીં આવે પણ એ ભૂલી જાય છે કે એ દેવી કે દેવ પણ મૃત્યુ પામ્યા તો આપણું મૃત્યુ શી રીતે અટકાવી શકે ?

ઘરના કોઈ સગાં-વહાલાં પણ મૃત્યુને અટકાવી શકતાં નથી. દાકતર પોતે પોતાનું કે પોતાનાં કોઈ સગાં-વહાલાંનુ મૃત્યુ અટકાવી શકતા નથી એ આપણે જોઈએ છીએ.

નહેરુ, સરદાર પટેલ, મહાત્મા ગાંધી જેવા નેતાઓને માટે પણ ગમે તેટલા દાકતરોએ પ્રયત્ન કર્યો પણ મૃત્યુથી બચાવી શક્યા નહીં. મૃત્યુ માટે નિમિત્ત કંઈ રોગ કે કોઈ મારનાર મળે - પણ એ તો આયુષ્ય પૂરું થવાનું હતું એટલે નિમિત્ત પામ્યું. ગાથા છે -

**"છે આયુક્ષયથી મરણ જીવનું એમ સર્વજ્ઞે કહ્યું,**
**તે આયુ તુજ દેતા નથી તો મરણ ક્યમ તારું કર્યું ?**

આમ, અનિત્ય ભાવના આપણને આપણું મૃત્યુ નિશ્ચિત છે તેમ કહે છે. પણ સંતો કહે છે કે જ્યાં સુધી મૃત્યુ આવ્યું નથી ત્યાં સુધી તું આત્મકલ્યાણ કરી લે અને મૃત્યુનો ડર રાખીશ નહીં.

કૃપાળુદેવે એમના મૃત્યુના દશ દિવસ પહેલાં લખેલા કાવ્યમાં લખ્યું છે કે,

**"નહીં તૃષ્ણા જીવ્યા તણી, મરણયોગ નહીં ક્ષોભ."**

બીજા એક પદમાં આવે છે કે -

"જીનેકી નહીં વાંછા, મરને કી નહીં ખ્વાઈશ."

વધારે જીવવા માટેની તૃષ્ણા-લોભ નથી અને મરણ આવે તો આંચકો લાગતો નથી - તે હતું અને આવ્યું.

આમ, અનિત્ય ભાવના બરાબર સમજાય તો મૃત્યુનો ડર જતો રહે અને જેટલું જીવન હોય તેટલા સમયમાં જીવ પોતાના આત્માનું કલ્યાણ કરી લે.

(૩) **સંસારભાવના :**

આમ ખરેખર તો આ ત્રણેય ગાથાઓ - ભાવનાઓ સંસારનું જ સ્વરૂપ છે. ગાથા છે -

**"દામ વિના નિર્ધન દુઃખી, તૃષ્ણાવશ ધનવાન,**
**કહુ ન સુખ સંસારમેં, સબ જગ દેખ્યો છાન."**

આ સંસારમાં ગરીબ હોય તે પૈસા પ્રાપ્ત કરવા માટે દુઃખ અનુભવતો હોય છે અને પૈસાદાર હોય છે તે હજુ વધારે શી રીતે પ્રાપ્ત કરું એ માટે મથતો હોય છે. પૂજાની એક કડી છે -

**"સોચા કરતા હૂં ભોગો સેં, બુઝ જાવેગી ઈચ્છાજ્વાલા,**
**પરિણામ નિકલતા હૈ લેકિન, માનો પાવકમેં ઘી ડાલા."**

જે છે તેનાથી વધારે ક્યારે મળે એ જ વિચારીએ છીએ. પરંતુ અગ્નિમાં જેમ ઘી નાખીએ તો અગ્નિ વધારે પ્રજ્વલિત થાય એમ આપણી એક ઈચ્છા પૂરી થાય તો બીજી બે-ચાર ઈચ્છાઓ જન્મે. બહુ ઓછા જીવો સંતોષ રાખી શકે છે. સંસારમાં દુઃખ જ છે એવું સમજાય તો સંસારમાંથી મુક્ત થઈ સિદ્ધ થવાના ભાવ જાગે - જેમ તીર્થંકરોએ કર્યું તેમ.

**(ક્રમશઃ)**

## *गुरुभक्ति*

ए मेरे प्यारे गुर, ए मेरे न्यारे गुरु,
तुजको लाखो नमन...
तेरे चरणोमें रहूँ अपना ये जीवन करुँ,
तुजपे ही अर्पण... ए मेरे...
आप देते ज्ञान वो जिससे सभी का हो कल्याण,
आपके ही ध्यान में लीन हो जाता है मेरा मन
तेरे नाम से दिन खिले,
तेरे नाम से शाम ढले...
तुजको लाखो नमन...
तुजको छूकर आए जो उन हवाओं को सलाम,
तैर ही जाता है वो मानव, जो भी लेता तेरा नाम,
नाच उठेगा सबका दिल,
झुम उठेगा सबका दिल,
तू ही मोक्षधाम...
तेरे चरणोमें रहूँ अपना ये जीवन करुँ,
तुजपे ही अर्पण...

**- निकेताबहन ( पूना )**

# આત્મપ્રેરણાની ભાવપ્રતિષ્ઠા

**પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ**

ગ્રંથ એક મંદિર છે. જેમ કોઈ સાધક મંદિરમાં પ્રવેશે અને પાવનત્વનો અનુભવ પામે, એ જ રીતે ગ્રંથરૂપી જ્ઞાનમંદિરમાં પ્રવેશનાર સ્વજીવનમાં પાવનત્વનો અનુભવ પામે છે. જીવનવિકાસની કોઈ દિશા જડતી ન હોય, ચોમેર ગાઢ ઘનઘોર અંધારું જામ્યું હોય, આકાશમાં શીતલ ચંદ્રનું તો શું, પણ તારાનું ઝાંખુ અજવાળું પણ ન હોય, આસપાસ ગીચ, અસ્તવ્યસ્ત ઝાડી-ઝાંખરા-કાંટાં હોય અને કોઈ માર્ગ પણ સૂઝતો ન હોય, તેવે સમયે જ્ઞાનનો અવર્ણનીય પ્રકાશ આખોય પથ અજવાળી આપે, એમ ગ્રંથજ્યોતિ વ્યક્તિના જીવનનો પંથ અજવાળી આપતો હોય છે. આવી રીતે ગ્રંથાલયોમાં ગ્રંથોમાંથી અધ્યાત્મ પ્રગતિનો માર્ગ મેળવવા માટે પંચાવન વર્ષ પૂર્વે ૨૬ વર્ષના એક ડૉક્ટર અવિરત પ્રયાસ કરતા હતા.

મુંબઈના માધવબાગ મંદિરની પાછળ આવેલા પુસ્તકાલયમાંથી જીવનની રાહ ચીંધનારાં પુસ્તકોનું તેઓ અધ્યયન કરતાં હતાં. આધ્યાત્મિક ગ્રંથોના વાંચનનો શોખ એટલો કે એની ખોજ કરતાં આ **ડૉક્ટર મુકુંદ સોનેજી** ઝવેરી બજારમાં આવેલા શ્રી પરમશ્રુત પ્રભાવક મંડળમાં પહોંચી જતા અને ત્યાંના ગ્રંથોના અધ્યયનમાં ડૂબી જતાં. એક બાજુ છવીસ વર્ષના યુવાન ડૉક્ટર અન્ય દર્દીઓનો ઇલાજ કરતા હતા, તો એની સાથોસાથ સ્વયંને માટે જીવનસાર્થક્યનો ઇલાજ શોધવા માટે અહર્નિશ ગ્રંથજ્ઞાન ખોજતા હતા. ધર્મગ્રંથોના અભ્યાસની સાથોસાથ ડૉ. મુકુન્દ સોનેજીને જ્ઞાનીઓનો અને મુમુક્ષુઓનો સંગ થવા લાગ્યો. આમ, અધ્યાત્મ પ્રત્યેની વૃત્તિ પ્રબળ બનતાં આત્માને એનો રંગ ધીરે ધીરે ચડતો જતો હતો.

એ કાળે ડૉ. મુકુંદ સોનેજીને જૈનતત્ત્વજ્ઞાનનો વિશેષ ઊંડો પરિચય નહોતો, આથી જૈન તત્ત્વજ્ઞાનનો પરિચય ગ્રંથોમાંથી પ્રાપ્ત કરવા લાગ્યા. જૈન સામયિકોમાં આવતા સાધુ-મહાત્માઓ અને વિદ્વાનોના લેખોનું નિયમિત વાંચન કરવા લાગ્યા અને આ રીતે હૃદયમાં જાગેલા સત્સંગ, સ્વાધ્યાય અને સદ્‌ચિંતનના ભાવમાં ભરતી આવવા લાગી. ૧૯૫૪ના ઑક્ટોબરમાં અમદાવાદની એમ. જે. લાયબ્રેરીમાંથી મળેલા **'કુંદકુંદાચાર્યનાં ત્રણ રત્નો'** એ ગ્રંથે એમના જીવનને એક દિશા આપી હતી અને હવે એ ઊર્ધ્વ દિશા તરફ ગતિ કરવાનો સમય આવી ચૂક્યો હતો.

પાંખ મળી, હવે ઊંચે ગગનમાં ઊડવાની વાર હતી. ત્યારે એ દિશા તરફ ગતિ થઈ **'શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત'** નામના ગ્રંથથી. ઈ. સ. ૧૯૫૭માં આ ગ્રંથ ડૉ. મુકુંદ સોનેજીને પ્રાપ્ત થયો. આ ગ્રંથનું ગહન અધ્યયન કરવાની જિજ્ઞાસાથી મુંબઈના કાલબાદેવીમાં આવેલી **'પરમશ્રુત પ્રભાવક મંડળ'**ની કચેરીમાંથી એ ગ્રંથ ખરીદ્યો અને આ ગ્રંથ પાસેથી પોતાના જીવનને અધ્યાત્મમાર્ગે આગળ ધપાવવાની અખૂટ પ્રેરણા મળી.

આ ગ્રંથ વાંચન પૂર્વે શ્રીમદ્ રાજચંદ્રના જીવનથી પણ ડૉ. મુકુંદ સોનેજી અલ્પપરિચિત હતા, પરંતુ આ ગ્રંથનું વાંચન કરતાં લાગ્યું કે **શ્રીમદ્ રાજચંદ્ર અધ્યાત્મગગનમાં તેજસ્વી રીતે ઝળકતી અદ્‌ભુત જ્ઞાનજ્યોતિ સમાન છે.** ૨૦મી સદીના એ વિરલ મહાપુરુષની ચેતનાને

એમનાં વચનામૃત દ્વારા પામવાનો પ્રયાસ કર્યો.

**માત્ર તેત્રીસ વર્ષના અલ્પઆયુષ્યમાં અપૂર્વ આત્મસિદ્ધિ પ્રગટ કરી અધ્યાત્મ રસિકો અને મુમુક્ષુઓના કલ્યાણ કરવા માટે જ જાણે દેહ ધારણ કર્યો હોય એવું શ્રીમદ્ રાજચંદ્રજીનું જીવન અને તત્ત્વજ્ઞાન લાગ્યું.** ધીરે ધીરે એનું વાંચન અને મનન વધતા ગયા અને તેમ તેમ ડૉ. મુકુંદ સોનેજીના અધ્યાત્મલક્ષી જીવનને નવાં પ્રેરણાપીયૂષ પ્રાપ્ત થતાં ગયાં. **'શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત'** ગ્રંથનો અભ્યાસ કરતાં ધર્મભાવનાની વૃદ્ધિની સાથોસાથ તત્ત્વની વિશેષ સમજણ પ્રગટવા લાગી. આ સમયે જીવનના પરમ અર્થની શોધ કરતા ડૉ. મુકુંદ સોનેજીના ચિત્તમાં મોક્ષમાર્ગ વિશે વિચારણા જાગી અને મનોમન શ્રીમદ્ રાજચંદ્રજીના વિચારોનું એવું વલોણું ચાલવા લાગ્યું કે એમણે પોતાની નોંધપોથીમાં લખ્યું કે, **"મોક્ષમાર્ગ એ જન્મ-મરણાદિ દુઃખોથી રહિત થવાનો માર્ગ છે અને તેનું ફળ અનંત સુખ છે. દરેક જીવ સુખ જ ઇચ્છે છે અને તેથી મોક્ષમાર્ગ એ સુખમાર્ગ છે અને તેની પ્રાપ્તિ અતિશય પુરુષાર્થની અપેક્ષા રાખે છે. વળી આ પ્રાપ્તિ ક્રમથી થાય છે અને એનું મૂળ આત્મજ્ઞાન છે."**

એ પછી ડૉ. મુકુંદ સોનેજી આત્મજ્ઞાન વિશે જાગેલા વિચારોને નોંધપોથીમાં ટાંકતાં લખે છે, "આત્મા અને અનાત્માને ભિન્ન ભિન્ન લક્ષણો વડે જાણી આત્મભાવને અંગીકાર કરે અને અનાત્મભાવોની (વિભાવભાવોની) ઉપેક્ષા કરે તે આત્મવિચારના અભ્યાસના ફળસ્વરૂપે નિર્વિકલ્પપણે સ્વરૂપના આનંદને પામતો સ્વસંવેદનજ્ઞાનની પ્રસિદ્ધિથી આત્મજ્ઞાની થાય છે. આત્મજ્ઞાનીને જ્ઞાની, વિવેકી, ધર્માત્મા, સત્પુરુષ, મહાપુરુષ, સંત, યોગી, મુમુક્ષુ વગેરે અનેક નામોથી સંબોધિત કરવામાં આવે છે. આત્મજ્ઞાનીને વૈરાગ્યભાવ હોય જ છે."

આમ, વચનામૃતના વાંચનથી જ્ઞાનામૃતનું આચમન થવા લાગ્યું. એના વિચારોના મંથનને પરિણામે દર્શન લાધવા માંડ્યું. એની તત્ત્વધારાએ હૃદયમાં નવી ભાવધારા જગાવી.

'શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત'માંથી ધીરે ધીરે એક પ્રકાશ ઊઘડે છે અને એના અભ્યાસથી ખ્યાલ આવે છે કે **શ્રીમદ્ રાજચંદ્રની દૃષ્ટિ વિશાળ અને વ્યાપક હતી. કોઈ સંકુચિત વાડામાં બંધાયેલી નહોતી.** ડૉ. મુકુંદ સોનેજી પણ ભારતીય સંસ્કૃતિનાં મૂલ્યોના ઉદ્ગાતા હોવાથી દેશની સંતપરંપરામાં વહેતી વાણી એમના કંઠે સદાય વસે, તો અધ્યાત્મજ્ઞાનની જ્યોત એમના હૃદયમાં અવિરત ઝળહળે. એમની સર્વધર્મસમભાવની વિચારધારાને શ્રીમદ્ રાજચંદ્રની વ્યાપકતા સ્પર્શી ગઈ. શ્રીમદ્ રાજચંદ્રે દેશ અને ધર્મની વર્તમાન પરિસ્થિતિને અનુરૂપ એવી અનુભવજન્ય વાણીથી ધર્મતત્ત્વોનું પ્રતિપાદન કર્યું હતું. એ જ ધર્મતત્ત્વોની પ્રાપ્તિ માટેનો સ્વપુરુષાર્થ હોવાથી 'વચનામૃત'નાં આ વચનો ડૉ. મુકુંદ સોનેજીને હૈયે જડાઈ ગયાં.

વળી, શ્રીમદ્ રાજચંદ્રે આધ્યાત્મિકતાને મુખ્યતઃ રાખવાની સાથે જીવનકર્તવ્યની લેશમાત્ર પણ ઉપેક્ષા કરી નહોતી. વ્યક્તિએ ધર્મને જીવનમાં કઈ રીતે ઉતારવો અને એનાં સદ્અંશોને કઈ રીતે પ્રગટાવવા એ બતાવ્યું હતું. આથી ડૉ. મુકુંદ સોનેજી પર આ ગ્રંથ વધુને વધુ પ્રભાવ પાડતો ગયો અને એની ગહનતામાં ઊંડે ઊતરવા માટે ઈ. સ. ૧૯૫૭થી ૧૯૬૦ના માર્ચ સુધીમાં ચારેક વખત આ ગ્રંથનું વાંચન, મનન, દોહન અને ચિંતન કર્યું.

આને પરિણામે આ ગ્રંથે એમને ભક્તિ અને વૈરાગ્યનો એક માર્ગ બતાવ્યો અને આત્મજ્ઞાનીની ઓળખ આપી. ૧૯૫૭ની પોતાની રોજનીશીમાં આ આત્મજ્ઞાની કેવા હોય એની વાત કરતાં તેઓ નોંધે છે કે "એ સર્વ જીવો પ્રત્યે મૈત્રી, કરુણાદિ ભાવનાઓ વડે વ્યવહાર કરે છે. ક્વચિત્ આત્મવિચારમાં, ક્વચિત્ ભગવદ્‌ભક્તિમાં, ક્વચિત્ તત્ત્વચર્ચામાં, ક્વચિત્ જાપમાં, ક્વચિત્ મૌનપણે સ્વભાવમાં વર્તતો તે જ્ઞાની શાસ્ત્રાનુકૂળ વ્યવહારવાળો હોવા છતાં સ્વતંત્રપણે વિચરે છે."

"લૌકિક સજ્જનતા, સદ્‌વિચાર અને ગુણગ્રાહીપણું તેણે પ્રાથમિક ભૂમિકામાં જ પ્રાપ્ત કર્યા હતા, તેથી આગળ વધતો તે હવે, પોતાની શક્તિ અનુસાર વ્રત-નિયમાદિને ગ્રહણ કરીને, વૃત્તિને વિશેષ અંતર્મુખ કરી આત્મભાવનાને દૃઢ કરે છે અને આ પ્રકારે વિશેષ આત્મશુદ્ધિને સાધે છે; જેનું ફળ અતિશય એવું સમાધિસુખ છે."

આ ગ્રંથવાંચનનો પ્રભાવ એમના ચિત્ત પર સતત પડતો હતો. એ ગ્રંથ એટલો પ્રિય બની રહ્યો કે ૧૯૫૭માં ખરીદેલા એ ગ્રંથનું દસ-બાર વર્ષે બાઈન્ડિંગ કરાવતા જાય. આજે પણ ણૂદ્ધધણૂદ્ધ એ જ ગ્રંથ વાંચે છે અને બારથી પણ વધુ વખત એ ગ્રંથનું વાંચન-મનન કર્યું છે. આ ગ્રંથે જીવનને દિશા આપી. વીતરાગ માર્ગની ઓળખ આપી અને એને પરિણામે એક નવું આધ્યાત્મિક જગત મહોરી ઊઠ્યું.

**કુંદકુંદાચાર્યનાં ગ્રંથોએ એમને આત્મજ્ઞાનની ઓળખ આપી, તો શ્રીમદ્ રાજચંદ્રના ગ્રંથ પાસેથી એ જ્ઞાનને રોજ્બદા જીવનમાં કઈ રીતે આત્મસાતર્ કરી શકાય, એનો માર્ગ મળ્યો. પરિણામે ડૉ. મુકુંદ સોનેજી દેહના ડૉક્ટર મટીને દિલના ડૉક્ટર બની ગયા.** અસ્વસ્થ શરીરની વ્યાધિને દૂર કરનાર ડૉક્ટરને બદલે આત્માના અમૃત ઔષધની ઓળખ આપનારા ડૉક્ટર બની ગયા અને તેઓ **સંત શ્રી આત્માનંદજી** તરીકે જાણીતા થયા.

બાલ્યાવસ્થાથી પ્રાચીન ગ્રંથો, આધ્યાત્મિક પુસ્તકો અને સંતોની વાણીનું સતત અવગાહન કરીને એને આત્મસાત્ કરતા રહ્યા. આજે માનવજીવનને ઊર્ધ્વતા બક્ષનારાં, ભારતીય સંસ્કૃતિની ઓળખ આપનારા અને ઊંડી અધ્યાત્મ-જિજ્ઞાસા ધરાવનારા મુમુક્ષુઓને પરિતૃપ્ત કરનારા અનેક ગ્રંથોના સર્જક સંત શ્રી આત્માનંદજીની માનસસૃષ્ટિમાં એ સઘળો જ્ઞાનરાશિ સતત ગૂંજવા લાગ્યો. એમણે 'શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત' પાસેથી પ્રેરણા લીધી, તો સાથોસાથ 'જ્ઞાનાર્ણવ', 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા', 'તત્ત્વાર્થસૂત્ર-ટીકાઓ', 'યોગબિંદુ', 'યોગદૃષ્ટિસમુચ્ચય', 'આત્મબોધ' જેવા ગ્રંથોનું ગહન અધ્યયન કરતા રહ્યા. આને પરિણામે જીવનને અધ્યાત્મ દિશામાં આગળ વધારવા માટેનું પાથેય મળ્યું અને ચિત્તમાં સતત એ ઊર્ધ્વભાવોનું દોહન ચાલતું હોવાથી કેટલીય માર્મિક ચિંતનકણિકાઓ ચિત્તમાં પ્રગટવા લાગી. બે કે ત્રણ શબ્દમાં વિચારોના આ તેજકિરણો આલેખાવા લાગ્યા અને એ તેજકિરણોને એકત્રિત કરીને પૂજ્યશ્રી આત્માનંદજી એમની રોજનીશીમાં લખવા માંડ્યા. જેમકે, '(૧) આત્મામાં રાગ (૨) પરદ્રવ્યોમાં વિરાગ (૩) નિજદોષને માપ (૪) પરદોષને વિસાર (૫) પરમાત્માને પામ (૬) સત્સંગ તે જ ઠામ (૭) નિજસ્વરૂપમાં વિરામ (૮) બોધિ-સમાધિ તે જ મારું રાજ' - વિચારો એમના મંથનમાંથી મોતીરૂપે પ્રગટવા લાગ્યા.

એમને શ્રીમદ્ રાજચંદ્ર પાસેથી ગચ્છ, પંથ, સંપ્રદાય, પક્ષ એ બધાથી પર થઈને સર્વના

કલ્યાણનો માર્ગ દષ્ટિગોચર થયો અને એથી શ્રીમદ્‌ની સાધનાથી પાવન થયેલી ઇડરની ભૂમિમાં જઈને દિવસો સુધી એકાંત ચિંતન કર્યું. ણૂહ્વધણૂહ્વ કહે છે કે શ્રીમદ્‌ના 'વચનામૃત'ના વાંચનને કારણે 'સાધક'ની ઊંચાઈએ પહોંચવામાં ઘણી મોટી મદદ મળી. પોતાના એ સમયના મનોભાવોને આલેખતા પૂજ્ય શ્રી આત્માનંદજીએ નોંધ્યું છે,

"આ દેહધારીને હૃદયમાં બધાં જ આર્યદર્શનો પ્રત્યે ખૂબ જ સદ્‌ભાવ છે; જેથી તેના જીવનમાં પણ સર્વધર્મસમભાવની ઉદાર અને ઉદાત્ત વિચારપરંપરાને જ સ્થાન છે અને કોઈ અમુક ચોક્કસ મત કે સંપ્રદાયનો હઠાગ્રહ નથી. સર્વથા, સર્વત્ર, ગુણગ્રાહક દષ્ટિનો જ ઉદ્યમ છે. જગતમાં કોઈ પણ ધર્મમતમાંથી જે જે સારું મળે તેને સ્વીકારીને આપણે તો આપણું જીવન દિવ્ય, શુદ્ધ, પ્રબુદ્ધ, શાંત અને સ્વ-પર-કલ્યાણકારી બનાવવું છે અને સર્વ જીવો સાથે પૂર્ણ મૈત્રીનો ભાવ કેળવવો છે; તેમ જ આ ભાવ કેળવવાનો પ્રામાણિક પ્રયત્ન નિરંતર કરી રહ્યા છીએ."

શ્રીમદ્‌ રાજચંદ્ર પંથ-સંપ્રદાયથી પર થઈને સર્વના કલ્યાણનો માર્ગ વિચારતા હતા, એથી ડૉ. સોનેજીને પણ પોતાને ગમતું એવું 'તત્ત્વનું પોત' પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્‌ રાજચંદ્રજીમાંથી મળ્યું. એની અસર થયા વિના કેમ રહે?

'શ્રીમદ્‌ રાજચંદ્ર વચનામૃત' ગ્રંથના વાંચનને કારણે તેમના વિશે વિશેષ જાણવાની અને તેમની તપોભૂમિ ઇડરની મુલાકાત લેવાની ઇચ્છા જાગી. ૧૯૫૮માં અનેક સંતોની સાધનાથી પાવન થયેલી આ ઇડરની ભૂમિમાં એકાંત ચિંતન અર્થે તેઓ ગયા, કિંતુ એક તો યુવાવય, અંગ્રેજી પહેરવેશ અને સ્થળથી અપરિચિત હોવાને કારણે ત્યાંના સમાજ તરફથી કોઈ માર્ગદર્શન કે પ્રેરણા મળ્યા નહીં અને સામાન્ય દર્શન કરીને જ પાછા ફરવાનું બન્યું. આજે તો આત્માનંદજીની એકાંત સાધનાની પ્રિય એવી આ ઇડર-ગઢની ગુફાઓ અને રાજચંદ્ર આશ્રમ છે, જે ઘંટિયા પહાડને નામે ઓળખાય છે. ઈ. સ. ૧૯૭૦થી ૧૯૮૦ના ગાળામાં તેઓ ત્રીસેક વખત ત્યાં ગયા અને ઢન્દ્ર□ફ્રુસ્રણૂત્રૃ ભોગીલાલ, જ્યોતિબહેન, સોમચંદભાઈ તથા અન્ય સ્થાનિક મુમુક્ષુઓ અને ભક્તજનો સાથે સાધના-ભક્તિ-સત્સંગ કરતા રહ્યા અને હજુ પણ અવારનવાર ત્યાં જઈ એકાંત સાધનાનો લાભ લેતા રહે છે.

**આજે જ્યારે કોબાના શ્રીમદ્‌ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્રમાં 'રાજમંદિર'નું પ્રાગટ્ય થાય છે, ત્યારે એક પ્રભાવક ગ્રંથની મહાશક્તિનો પરિચય થાય છે અને એ ગ્રંથે આપેલા અધ્યાત્મજ્ઞાનની ઋણઅદાયગી જોવા મળે છે.** સ્વયં સંત શ્રી આત્માનંદજી કહે છે કે, "શ્રીમદ્‌ રાજચંદ્રે પૂર્વભવોની પ્રગાઢ સાધનાના બળથી, સૂક્ષ્મપ્રજ્ઞાથી અને પોતાના જાતઅનુભવથી, સાધકને અધ્યાત્મમાર્ગમાં આગળ વધવાનું સ્પષ્ટ, સૂક્ષ્મ, આશ્ચર્યકારક અને બહુઆયામી માર્ગદર્શન આપ્યું છે. સાધનાના કયા કયા તબક્કે શું શું સમજવું તેને સમજીને અનુસરવાથી અમને અનેકવિધ લાભ થયો છે. અમારા મંગલમય અવલંબનોમાં તેઓશ્રી એક સર્વોપરી અવલંબન બની રહ્યા છે અને અમારા મહાન ગુરુ છે."

એક ગ્રંથે આપેલ જ્ઞાનસંચય, તત્ત્વનિધિ અને બહુઆયામી માર્ગદર્શન જ્યારે મંદિરના સર્જનમાં રૂપાંતરિત થાય છે, ત્યારે આત્મામાં કોતરાયેલા એ શબ્દો 'રાજમંદિર'ના વાતાવરણમાં મંત્રરૂપે ગૂંજી રહ્યા છે ! ■ ■ ■

**જ્યાં સુધી ઘડપણ સતાવતું નથી, જ્યાં સુધી વ્યાધિઓ વધતી નથી અને જ્યાં સુધી ઈન્દ્રિયોની શક્તિ ક્ષીણ નથી થઈ ત્યાં સુધી સારી રીતે ધર્માચરણ કરી લેવું. (દશવૈકાલિક સૂત્ર-૮/૩૫)**

## શ્રી પદ્મનંદિ આચાર્ય રચિત
# 'એકત્વસપ્તતિ'નું આચમન (ક્રમાંક-૭૩)

પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)

પરમકૃપાળુદેવ વચનામૃત ગ્રંથમાં પત્રાંક - ૨૧ વચનામૃત શીર્ષક સાથે અધ્યાત્મ જીવનોપયોગી બોધ લખે છે. (૧) આ તો અખંડ સિદ્ધાન્ત માનજો કે સંયોગ, વિયોગ, સુખ, દુઃખ, ખેદ, આનંદ, અણરાગ, અનુરાગ ઈત્યાદિ યોગ કોઈ વ્યવસ્થિત કારણને લઈને રહ્યા છે. (૨) એકાન્ત ભાવી કે એકાન્ત ન્યાયદોષને સન્માન ન આપજો. (૩) કોઈનો પણ સમાગમ કરવા યોગ્ય નથી છતાં જ્યાં સુધી તેવી દશા ન થાય ત્યાં સુધી સત્પુરુષનો સમાગમ અવશ્ય સેવવો ઘટે છે. (૪) જે કૃત્યમાં પરિણામે દુઃખ છે તેને સન્માન આપતાં પ્રથમ વિચાર કરો. (૫) કોઈને અંતઃકરણ આપશો નહીં, આપો તેનાથી ભિન્નતા રાખશો નહીં; ભિન્નતા રાખો ત્યાં અંતઃકરણ આપ્યું તે ન આપ્યા સમાન છે. (૬) એક ભોગ ભોગવે છે છતાં કર્મની વૃદ્ધિ નથી કરતો, અને એક ભોગ નથી ભોગવતો છતાં કર્મની વૃદ્ધિ કરે છે; એ આશ્ચર્યકારક પણ સમજવા યોગ્ય કથન છે. (૭) યોગાનુયોગે બનેલું કૃત્ય બહુ સિદ્ધિને આપે છે. પત્રાંક ૨૧ માં કુલ ૧૨૬ વચનામૃત છે; જેનું મનન, ચિંતન, નિદિધ્યાસન કરતાં અતિ સૂક્ષ્મબોધના અધિકારી થવાય છે. શ્રદ્ધાન્વિત થવાય છે.

પદ્મનંદિ પંચવિશતિ ગ્રંથના 'એકત્વ સપ્તતિ' પ્રકરણનું આંશિક આચમન કરી રહ્યા છીએ. આચાર્ય પદ્મનંદિ મુનિરાજે શ્લોક - ૭૪ માં કહ્યું કે જડમતિના મનમાં કાંઈ સુખ અને કાંઈ દુઃખ પ્રતિભાસે છે. જ્યારે વિવેકીપુરુષોના ચિત્તમાં સદા સર્વત્ર દુઃખ જ પ્રતિભાસે છે. સર્વત્ર તુચ્છતા પ્રતિભાસે છે. તેથી સમભાવમાં જીવે છે. પ્રત્યેક પરિસ્થિતિમાં તેઓ સમતાભાવમાં જીવે છે. હવે શ્લોક - ૭૫ માં કહે છે,

**हेयं हि कर्म रागादि तत्कार्यं च विवेकिनः ।**
**उपादेयं परं ज्योतिरुपयोगैक लक्षणम् ॥ ७५ ॥**

અર્થાત્ વિવેકી મનુષ્યે કર્મ અને તેના કાર્યભૂત રાગાદિ પણ છોડવા યોગ્ય છે અને ઉપયોગરૂપ એક લક્ષણવાળી ઉત્કૃષ્ટ જ્યોતિ ઉપાદેય છે.

વિવેકી મનુષ્યે અધ્યાત્મની સહજ વૃદ્ધિ માટે કર્મ અને તેના નિમિત્તે થતાં રાગદ્વેષ, હર્ષશોક, ઈષ્ટ અનિષ્ટભાવ વગેરે પણ ત્યાગવા યોગ્ય છે. ચૈતન્યનું લક્ષણ છે ઉપયોગ. તેથી ઉપયોગ રૂપ એક લક્ષણયુક્ત ઉત્કૃષ્ટ આત્મજ્યોતિ ગ્રહણ કરવા યોગ્ય અર્થાત્ અનુભવવા યોગ્ય છે. શ્રદ્ધાન્વિત થવા યોગ્ય છે. ગ્રહણ અને ત્યાગ એવો ક્રમ સર્વજ્ઞદર્શનને માન્ય છે.

**विवेकिनः हेयं हि कर्म** - વિવેકી - ભેદજ્ઞાની પુરુષે - આત્માએ કર્મને હેય સમજવાં જોઈએ. કર્મ નિમિત્તે થતાં ઈષ્ટ-અનિષ્ટ ભાવો તે છોડવાં યોગ્ય છે. સંકલ્પ-વિકલ્પની લાંબી માયાજાળથી મુક્ત થવું જોઈએ. અંતર્જલ્પને શમાવવા જોઈએ તો આત્મા વિશેષ અને વિશેષ સ્વમાં લક્ષ લાવી શકે છે. તેમાં સમજણ હોય છે કે ભૂમિકા પ્રમાણે કર્મ હોય છે તે ભૂમિકાને સમજ્યા વગર કર્મને હેય કરે તો કાર્યસિદ્ધિ થતી નથી.

શ્રી વિનોબાભાવે એ એકવાર કહેલું કે

વાંચવું વગેરે છોડી દેવું તેનો અર્થ સ્વ તરફી હતો. શ્રી વિનોબાએ ખૂબ વાંચેલું. સાઈઠ વર્ષ પછી નિવૃત્તિમાં વાંચન વગેરે કરતાં જ રહેતાં. છેલ્લે આ વાક્ય કહેલું કે હવે વાંચન ત્યાગ કરવા યોગ્ય છે. નિજમાં રમવું યોગ્ય છે. આ વાક્ય પ્રારંભમાં જ વિદ્યાર્થીએ વાંચ્યું - કોઈ વાંચવાનું કહે તો શ્રી વિનોબાને સંબોધીને કહે કે શ્રી વિનાબાએ વાંચવાની ના પાડી છે. આ વાક્ય વિદ્યાર્થી માટે ન હતું. સ્વકર્મ માટે હતું. યથાપદવી કર્મ અને તેનાથી થતાં રાગાદિ છોડવાં યોગ્ય છે. તેની સાથે ઉપાદેયતાની વાત પણ શ્લોકની બીજી પંક્તિમાં શ્રી આચાર્યદેવ ફરમાવે છે -

उपादेयं परं ज्योतिः - પરં = શ્રેષ્ઠ જ્યોતિ ગ્રહણ કરવા યોગ્ય છે. તે જ્યોતિના વિશેષણમાં કહે છે - ઉપયોગરૂપ એક લક્ષણવાળી જ્યોતિ છે. માત્ર ઉપયોગ સ્વરૂપા જ્યોતિ છે. ઉપયોગ વિષે પરમકૃપાળુદેવ વચનામૃતમાં ભિન્ન ભિન્ન સ્થાને લખે છે - જીવનો મુખ્ય ગુણ વા લક્ષણ છે તે ઉપયોગ. (પત્રાંક ૬૪) ઉપયોગ શુદ્ધ કરવા આ જગતના સંકલ્પ વિકલ્પને ભૂલી જજો (પત્રાંક ૩૭) દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી અસંગપણે વિચરવાનો સતત ઉપયોગ સિદ્ધ કરવો યોગ્ય છે. જેમણે જગતસુખસ્પૃહા છોડી જ્ઞાનીના માર્ગનો આશ્રય ગ્રહણ કર્યો છે, તે અવશ્ય તે અસંગ ઉપયોગને પામે છે. (પત્રાંક ૭૮૬) હે જીવ ! તું ભૂલ મા. વખતે વખતે ઉપયોગ ચૂકી કોઈને રંજન કરવામાં, કોઈથી રંજન થવામાં વા મનની નિર્બળતાને લીધે અન્ય પાસે મંદ થઈ જાય છે, એ ભૂલ થાય છે. તે ન કર. (પત્રાંક ૧૦૮) અનેક રીતે ઉપયોગનું દર્શન છે.

चैतन्य अनुविधायीनि परिणामः इति उपयोगः- ચૈતન્ય આત્માના અનુરૂપ જે પરિણામ થાય છે તે ઉપયોગ છે. ચૈતન્ય પરિણતિ તે ઉપયોગ છે. ચૈતન્યના આશ્રયે ઉપયોગ પરિણમે છે. માટે આચાર્યદેવ બોધ આપે છે કે ઉપયોગ સ્વરૂપા જ્યોતિને ગ્રહણ કર. ત્યાગ અને ગ્રહણ એક સાથે થાય છે તેમાં સમયભેદ નથી. દૃષ્ટાન્ત છે કે -

એક વ્યક્તિ પોતાની છાયાને જોઈને ડરી ગયો. તેને છાયાનો ડર લાગ્યો. તે ડરથી, તેનાથી છૂટવા ભાગવા લાગ્યો. જેમ તે ભાગવા લાગ્યો તો છાયા પણ તેની સાથે ભાગવા લાગી. વધુ ગતિ વધારી તો છાયાની પણ ગતિ વધી. આથી વ્યક્તિ વધુ મુંઝાયો. શું કરવું ? તેને અનેક વિકલ્પો આવ્યા. દોડતો જ રહ્યો પણ છાયાથી છૂટી શક્યો નહિ. અંતે અટક્યો તો છાયા પણ અટકી. વધુ મુંઝાયો. કોઈ સજ્જનના સમજાવાથી વૃક્ષની નીચે બેસી ગયો. છાયા છૂટી પડી ગઈ. છાયાથી મુક્ત થયો. કોઈ સદ્‌ગુરુના સ્પર્શથી ચૈતન્ય ઉપયોગ સ્વરૂપ વૃક્ષનો આશ્રય લે તો કર્મથી મુક્ત થવાય છે અને શુદ્ધ ઉપયોગનું ગ્રહણ થાય છે.

શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ ઉપયોગનું ગ્રહણ થતાં - જ્ઞાતાપણું પ્રગટે છે. અકર્તાપણું છૂટે છે. સાક્ષીભાવમાં જીવાય છે. દૃષ્ટાભાવ સંપન્ન થાય છે.

પૂ. કાલિદાસભાઈ કાવ્યમાં લખે છે,

"સર્વ વ્યાપકપણે સાક્ષી તું સર્વદા
જ્ઞાન ગુણ લક્ષણે ભિન્ન ભાસે,
શુદ્ધ ઉપયોગી તું ચિન્હ ચૈતન્યઘન
અચલ અવિનાશી ગુણ કેમ નાસે;
મોહની નિંદમાં સૂઈ મત રહો સદા."

આત્મા શુદ્ધ ઉપયોગી ચૈતન્યઘન છે તે જ તેનું ચિહ્ન છે. તે રીતે આત્મા જાણવામાં આવે છે. શ્રદ્ધવામાં આવે છે. આત્મા સર્વદા સાક્ષી સ્વરૂપ

છે. અચલ, અવિનાશી છે. ઉત્તમ સૂક્ષ્મતા આ કવિત્તમાં વર્ણવાયી છે.

રાગાદિ હેય છે અને શુદ્ધ આત્મા ઉપાદેય છે આ હેય-ઉપાદેય બુદ્ધિને ગુરુગમથી સમજી - તેઓની આજ્ઞાનુસાર આગળ વિકાસ થાય તો ઉપયોગનું ગ્રહણ અવશ્ય થાય છે. સદ્‌ગુરુના ચરણકમળ સેવ્યા વિના ઉપયોગની સ્થિરતા સધાતી નથી. અધ્યાત્મમાર્ગમાં પ્રવેશી આત્માને સાધવાની ચાવી સદ્‌ગુરુના હૃદયમાં છે. અધ્યાત્મનો મર્મ જ્ઞાનીના હૃદયમાં છે. તેની ભક્તિ ભગવાનનો અભેદ સધાવે છે. પૂજ્યબેનશ્રી ચંપાબેન વચનામૃતમાં જણાવે છે કે, જીવને અટકવાના જે અનેક પ્રકાર છે તે બધામાંથી પાછો વળ અને માત્ર ચૈતન્યદરબારમાં જ ઉપયોગને લગાડી દે; ચોક્કસ પ્રાપ્તિ થશે જ. અનંત અનંત કાળથી અનંત જીવોએ આવી જ રીતે પુરુષાર્થ કર્યો છે, માટે તું પણ આમ કર. અનંત અનંત કાળ ગયો. જીવ ક્યાંક ક્યાંક અટકે જ છે ને ? અટકવાના તો અનંત અનંત પ્રકાર છે. સફળ થવાનો એક જ પ્રકાર - ચૈતન્ય દરબારમાં જવું તે. પોતે ક્યાં અટકે છે, તે જો પોતે ખ્યાલ કરે તો બરાબર જાણી શકે. દ્રવ્યલિંગી સાધુ થઈને પણ જીવ ક્યાંક સૂક્ષ્મપણે અટકી જાય છે. શુભભાવની મીઠાશમાં રોકાઈ જાય છે. આ રાગની મંદતા, આ અઠયાવીસ મૂળ ગુણ બસ આ જ હું - આ જ મોક્ષનો માર્ગ ઈત્યાદિ કોઈ પણ પ્રકારે સંતોષાઈ અટકી જાય છે, પણ અંદરના વિકલ્પો સાથે એકતાબુદ્ધિ તો પડી જ છે. તેને કાં જોતો નથી ? આ અંતરમાં શાંતિ કેમ દેખાતી નથી ? પાપભાવ ત્યાગી 'સર્વસ્વ કર્યું' માની સંતોષાઈ જાય છે. સાચા આત્માર્થીને અને સમ્યક્ દૃષ્ટિને તો 'ઘણું બાકી છે, ઘણું બાકી છે' એમ પૂર્ણતા સુધી ઘણું બાકી છે એમ જ ભાવના રહે અને તો જ પુરુષાર્થ અખંડ ટકી શકે.

પત્રાંક - ૭૩૫ માં પરમકૃપાળુદેવ જણાવે છે, "વિષમભાવનાં નિમિત્તો બળવાનપણે પ્રાપ્ત થયાં છતાં જે જ્ઞાની પુરુષ અવિષમ ઉપયોગે વર્ત્યા છે, વર્તે છે, અને ભવિષ્યકાળે વર્તે તે સર્વને વારંવાર નમસ્કાર. (ક્રમશઃ)

## તારક જિનાજ્ઞા

- **धम्मो जाणओ करुणा, माया भाया विवेगनामेणं ।**
  **खंति पिआ सुपुत्तो, गुणो कुटुंबं इमं कुणसु ॥**

ધર્મ એ જ પિતા, કરુણા તે જ માતા, વિવેક નામનો ભ્રાતા, ક્ષમા એ પ્રિય સ્ત્રી અને જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ ગુણરૂપ ઉત્તમ પુત્રોને તું તારું અંતરંગ કુટુંબ બનાવ. **(આત્માવબોધ કુલક-૨૩)**

- **जया सव्वं परिच्चज्ज, गंतव्वमवसस्स ते ।**
  **अणिच्चे जीवलोगंमि, किं रज्जंमि पसज्जसि ?॥**

જ્યારે ધન, પરિવાર વગેરે સઘળુંય છોડીને ભવાંતરમાં જવાનું નક્કી છે, ત્યારે પરતંત્ર એવો તું શા માટે અનિત્ય એવા રાજ્ય વગેરેમાં આસક્તિ કરે છે ? **(ઉત્તરાધ્યયન સૂત્ર - ૧૮/૧૨)**

- **आत्मानं सततं रक्षेज्ज्ञानध्यान तपोबलैः ।**
  **प्रमादिनोऽस्य जीवस्य, शीलरत्नं बिलुप्यते ॥**

જ્ઞાન, ધ્યાન અને તપના બળ વડે નિરંતર આત્માનું રક્ષણ કરવું જોઈએ. જો તેમ ન કરે તો પ્રમાદી થયેલા આ જીવનું શીલરૂપી રત્ન વિનાશ પામે છે. **(તત્ત્વામૃત-૧૫)**

- **अपूज्या यत्र पूज्यन्ते, पूज्यानां तु विमानना ।**
  **त्रीणि तत्र प्रवर्तन्ते, दुर्भिक्षं मरणं भयम् ॥**

જ્યાં અપૂજ્યની પૂજા થતી હોય અને પૂજ્યોનું અપમાન થતું હોય, ત્યાં દુકાળ, અકાળ મરણ અને ઉપદ્રવાદિકના ભય - આ ત્રણ બાબત પ્રાપ્ત થાય છે. **(જૈન પંચતંત્ર પૃ. ૨૦૯/૧૭૩)**

# બાર ભાવના - એક અનુચિંતન
## (ક્રમાંક - ૮)

પૂજ્ય બહેનશ્રી ડૉ. શર્મિષ્ટાબેન સોનેજી

### આસ્રવ ભાવના

ગયા અંકમાં આપણે અશુચિભાવનાનું ચિંતવન કર્યું; જેમાં આપણે શરીરથી જુદાં એવા ચૈતન્યસ્વરૂપ આત્મા છીએ એવી ભાવના દઢ કરી. આ અંકમાં આપણે આસ્રવભાવનાની વિચારણા કરીશું, જે આપણા જ્ઞાન-વૈરાગ્ય વધારવામાં સહાયભૂત થશે.

આસ્રવ એટલે કર્મોનું આત્મા તરફ આવવું - આકર્ષિત થવું.

### આસ્રવ ભાવની વ્યાખ્યાઓ

રાગ, દ્વેષ, અજ્ઞાન, મિથ્યાત્વ ઈત્યાદિક સર્વ આસ્રવ છે, એમ ચિંતવવું તે આસ્રવભાવના.

**- શ્રીમદ્ રાજચંદ્રજી**

જીવના પરિણામ (ભાવો) નું (ભાવઆસ્રવ) નિમિત્ત પામીને દ્રવ્ય કર્મનું જેના દ્વારા આવવું થાય તે દ્રવ્ય આસ્રવ છે. જેમ તળાવમાં નાળા દ્વારા પાણી આવે છે તેમ સંસારી જીવના સમયે સમયે પોતાના ભાવ અનુસાર કર્મનો પ્રવાહ આવ્યા કરે છે તે આસ્રવ છે. અને આત્મા આસ્રવથી (ભિન્ન) જુદો છે એમ ચિંતવવું તે આસ્રવભાવના.

- दिनरात शुभाशुभ भावों से मेरा व्यापार चला करता,
  मानस वाणी और काया से आस्रवका द्वार खुला रहता ।

**- श्री युगलकिशोरजी - युगल**

- मोह नींद के जोर, जगवासी घूमे सदा,
  कर्म चोर चहु ओर सरवस लूटै सुध नहीं ।

**- कविवर भूदरदासजी**

- जो योगन की चपलाई, तातैं ह्वै आस्रव भाई,
  आस्रव दुःखकर घने रे, बुधवंत तिन्हें निरवेरे

**- श्री छ ढाळा**

- कायवाङ्मनः कर्मयोगः ॥(१) स आस्त्रवः ॥(२)

**- श्री तत्त्वार्थ सूत्र**

કાયા-વચન-મનની ક્રિયા યોગ છે. તે જ કર્મનો સંબંધ કરાવનાર હોવાથી આસ્રવ કહેવાય છે.

જેમ છિદ્રયુક્ત નાવ પરિભ્રમણ કરીને છિદ્ર દ્વારા જળનું ગ્રહણ કરીને અંતે સમુદ્રમાં ડૂબીને પોતાને નષ્ટ કરી દે છે તેવી જ રીતે આ જીવ સંસારમાં પરિભ્રમણ કરતો થકો - મિથ્યાત્વ - અવિરતિ - પ્રમાદ - કષાય - યોગરૂપ છિદ્રો દ્વારા કર્મોનો આસ્રવ કરીને આ દુઃખમય સંસારચક્રમાં ડૂબી જાય છે. માટે કર્મોનો આસ્રવ કરાવે તેવાં ભાવોનો ત્યાગ કરવો જોઈએ. આ પ્રકારે સુવિચારણા (અનુપેક્ષા) કરવી તે આસ્રવભાવના છે.

**- શ્રી પદ્મનંદિપંચવિંશતિ-ઉપાસક સંસ્કાર-૫૨**

### વિશેષ વિચારણા :

આ આસ્રવરૂપ ચોર જીવનું (આપણું) સર્વસ્વ લૂંટી લે છે, તેનું આ અજ્ઞાની જીવને ભાન નથી. આસ્રવ આ જીવની અજ્ઞાન દશાનું વરદાન છે.

- આત્મા અને આસ્રવ તણો જ્યાં ભેદ જીવ જાણે નહીં,
  ક્રોધાદિમાં સ્થિતિ ત્યાં લગી અજ્ઞાની એવા જીવની.

**- શ્રી સમયસાર-૬૯**

આસ્રવના કારણોના મુખ્ય પાંચ પ્રકાર આગમમાં કહ્યાં છે -

**(૧) મિથ્યાત્વ :** મિથ્યાત્વરૂપ ભાવ જીવને ઊંધી માન્યતા કરાવે છે. એટલે કે દેહાદિક પર પદાર્થોમાં આત્મબુદ્ધિ કરાવે છે અને પોતાના આત્મસ્વભાવનું વિસ્મરણ કરાવે છે - જે આપણા જન્મમરણનું પ્રબળ કારણ છે. સત્પાત્ર (આત્માર્થી - જિજ્ઞાસુ) જીવ સત્સંગની ઉપાસના દ્વારા શ્રી ગુરુકૃપાથી સમ્યગ્દર્શન પ્રગટ કરી આ મિથ્યાત્વ રૂપી ચોરનો નાશ કરી શકે છે.

**(૨) અવિરતિ :** એટલે સંયમનો અભાવ. હિંસા, અસત્ય, ચોરી, મૈથુન, પરિગ્રહ આદિ પાપભાવો આસ્રવના કારણ કહ્યાં છે.

**(૩) પ્રમાદ :** એટલે ધર્મમાં અનાદર બુદ્ધિ. શાસ્ત્રોમાં પ્રમાદના મુખ્ય પંદર પ્રકાર કહ્યાં છે.

(૧) પાંચ ઈન્દ્રિયોના વિષયો.

(૨) ચાર કષાય - ક્રોધ, માન, માયા, લોભ

(૩) ચાર વિકથા - સ્ત્રી કથા, ભોજન કથા, રાજકથા, દેશકથા

(૪) એક સ્નેહ

(૫) એક નિદ્રા

---

કુલ - ૧૫

ઉપરોક્ત ભાવો કર્મનો આસ્રવ કરાવી જીવને ખૂબ પીડા (દુઃખ) ઉપજાવે છે.

**(૪) કષાય :** મુખ્ય રાગદ્વેષ - તેના અંતર્ગત ક્રોધ, માન, માયા, લોભ તથા નવ નોકષાયો કરીને જીવ ઘણાં કર્મનો આસ્રવ કરે છે. પ્રશસ્ત (શુભ) રાગ પુણ્યકર્મનો આસ્રવ કરાવે છે તથા અશુભરાગાદિ-પાપકર્મનો આસ્રવ કરાવે છે.

**(૫) યોગ :** આત્માની સ્ફુરણાથી મન, વચન, કાયાનું હલનચલન તે યોગ છે. યોગ ત્રણ પ્રકારે કહ્યો છે - મનોયોગ, વચનયોગ, કાયયોગ. આ ત્રણે યોગ કર્મ આવવાના કારણ (આસ્રવરૂપ) છે. એટલે યોગ જ આસ્રવ છે એમ કહેવાય છે. યોગથી જ આત્મામાં પ્રદેશકંપન થાય છે અને તે દ્વારા આત્મામાં કર્મવર્ગણા આવે છે. આસ્રવ બે પ્રકારના થાય છે : (૧) શુભ ભાવોથી પુણ્ય કર્મનો આસ્રવ થાય છે. (૨) અશુભ ભાવોથી પાપકર્મોનો આસ્રવ થાય છે. બન્ને આસ્રવ તે કર્મબંધના કારણ છે. માટે બન્ને શ્રદ્ધામાં હેય (ત્યાગવા યોગ્ય) છે. પણ શુભ આસ્રવના કારણો જેમ કે દેવપૂજા, ગુરુપાસ્તિ, દયા, અનુકંપા વગેરે આત્મલક્ષે કરવાથી એવાં પુણ્યકર્મ બંધાય છે કે પરંપરાએ મોક્ષનું કારણ બને છે. યોગના શુભત્વ અશુભત્વનો આધાર આત્માના શુભાશુભ ભાવ છે. બે પ્રકારના આસ્રવ (કર્મ આવવાના દ્વાર) ની ગાથાઓ.

**(૧) છે રાગભાવ પ્રશસ્ત, અનુકંપા સહિત પરિણામ છે;**
**મનમાં નહીં કાલુષ્ય છે, ત્યાં પુણ્ય આસ્રવ હોય છે.**

**- શ્રી પંચાસ્તિકાય - ૧૩૫**

**(૨) ચર્યા પ્રમાદ ભરી, કલુષતા, લુબ્ધતા વિષયો વિષે;**
**પરિતાપ ને અપવાદ પરના, પાપ આસ્રવને કરે.**

**- શ્રી પંચાસ્તિકાય - ૧૩૯**

જીવ જ્યારે પોતાના સ્વભાવથી ચ્યુત થાય છે ત્યારે રાગાદિ વિભાવદશાના નિમિત્તે કાર્મણ વર્ગણાઓ આત્મા તરફ આકર્ષાય છે (જેમ લોઢું લોહચુંબક તરફ આકર્ષાય છે) તે આસ્રવ છે. આ કાર્મણવર્ગણાઓ મોહનીયકર્મ (દર્શનમોહ + ચારિત્રમોહ)ની ચિકાશને કારણે - કર્મરૂપે પરિણમીને આત્માના પ્રદેશો સાથે બંધાઈ જાય છે

તેને 'બંધ' કહેવાય છે જેને કારણે જીવ સંસાર પરિભ્રમણનું અત્યંત દુ:ખ પામે છે.

## ઉપસંહાર :

જે જીવ આસ્રવ થવાના કારણોને જાણી તે કારણોને છોડવાનો પ્રામાણિક પુરુષાર્થ કરે છે તેની આસ્રવભાવનાનું ચિંતવન સફળ થાય છે. આપણે મિથ્યાત્વરૂપ ઊંધી માન્યતા, અજ્ઞાન, અસંયમ, પ્રમાદ, કષાય અને મન-વચન-કાયરૂપ યોગ આદિ આસ્રવને હેયરૂપ તત્ત્વ જાણી તેમનો ત્યાગ કરવાની સુવિચારણા-ચિંતવન કરવું તે આસ્રવભાવના છે.

- **અશુચિપણું વિપરીતતા એ આસ્રવોના જાણીને, વળી જાણીને દુ:ખકારણો, એથી નિવર્તન જીવ કરે.**

**- શ્રી સમયસાર - ૭૨**

જીવના (આપણા) મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, અસંયમ આદિ જે વિભાવભાવો છે તે આસ્રવ છે, જે નિશ્ચયનયથી આત્માના નથી. માટે આપણે દ્રવ્ય અને ભાવરૂપ બન્ને પ્રકારના આસ્રવોથી રહિત શુદ્ધ આત્મ-સ્વરૂપનું સદા ચિંતવન કરવું.

॥ इति आस्रवभावना समाप्तम् ॥

॥ श्री सद्‌गुरुचरणार्पणमस्तु ॥

## પુસ્તક સમાલોચના - સ્વીકાર

**- મિતેશભાઈ એ. શાહ**

પુસ્તકનું નામ : કર્મસાર

લેખક : શ્રી ચંદ્રહાસ ત્રિવેદી

આવૃત્તિ : પ્રથમ, ૨૦૧૧

પૃષ્ઠ સંખ્યા : ૮૦

કિંમત : રૂા. ૫૦/-

પ્રકાશક : શ્રી ચંદ્રહાસ ત્રિવેદી - 'સુહાસ', ૬૪, જૈનનગર, પાલડી, અમદાવાદ. ફોન : ૨૬૬૨૦૬૧૦

વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ
નવભારત સાહિત્યમંદિર - અમદાવાદ

આકર્ષક મુખપૃષ્ઠ, સુંદર મુદ્રણકામ તેમજ સારા કાગળનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

આ પુસ્તકમાં જૈનદર્શન અનુસાર કર્મવિષયક વિશદ્ છણાવટ કરવામાં આવી છે. કર્મ જેવા ગહન અને જટિલ વિષયને જૈન કર્મગ્રંથોના આધારે સમજાવવાનો સ્તુત્ય પ્રયત્ન લેખકે કર્યો છે. વાચકના મનમાં ઊઠતા કર્મવિષયક પ્રશ્નોનું આ પુસ્તકમાંથી સમાધાન મળી રહેશે અને કર્મ વિશેની કેટલીક ભ્રામક માન્યતાઓનું નિરસન થશે. આ પુસ્તકમાં કર્મબંધ કેવી રીતે થાય, કર્મના ચાર બંધ, વિપાકોદય અને પ્રદેશોદય, આઠ કરણ, કર્મનો અનુબંધ વગેરે વિષયો પર છણાવટ કરવામાં આવી છે. સરળ ભાષામાં દૃષ્ટાંતો સહ સમજૂતી આપેલ હોવાથી આ પુસ્તક કર્મના રહસ્યને જાણવા ઇચ્છતા જિજ્ઞાસુઓને વિશેષ ઉપયોગી નીવડે તેમ છે.

# શ્રી આનંદઘન ચોવીશી

**અશોકભાઈ પી. શાહ**

(ગતાંકથી ચાલુ...)

## ૯ મા તીર્થંકર
## શ્રી સુવિધિનાથ જિન સ્તવન

યોગીશ્વર આનંદઘનજી આ સ્તવન દ્વારા આપણી જિનેશ્વરપૂજા કેવા પ્રકારે હોવી જોઈએ તેના પ્રેરણાસ્ત્રોત બની રહ્યાં છે. પોતે તો એક ઉચ્ચ અધ્યાત્મદશાવાન સાધુ હતા, જ્યાં દ્રવ્યપૂજા કરવાપણું તેમને નહોતું રહ્યું. પણ તે પહેલાંની સાધકદશામાં તેમને આ દ્રવ્ય-ભાવપૂજારૂપ પ્રભુભક્તિ અત્યંત પુષ્ટ નિમિત્ત બની હશે. તેથી જિનપૂજાનું આટલું ગહન વિશ્લેષણ આ સ્તવનમાં જોઈ શકાય છે.

દ્રવ્ય-ભાવપૂજાના બહુવિધ પ્રકારો સમજાવી આનંદઘનજી જેવા જ્ઞાની પુરુષો સાધકને તેમાં અટકાવી ન રાખે. આ સાધન દ્વારા તેના સાધ્ય, ગંતવ્યસ્થાન તરફ હવે આનંદઘનજી લઈ જાય છે. જિનપૂજા દ્વારા જિનસ્વરૂપની વધુ ને વધુ ઓળખાણ થતાં સાધક જીવની ઉત્તરોત્તર વધતી જતી સ્વરૂપમગ્ન દશા તેને હવે *"જિનસ્વરૂપ થઈ જિન આરાધે, તે સહી જિનવર હોવે રે"* - એ ન્યાયે ભાવપૂજાના ઉત્કૃષ્ટ એવા ચોથા પ્રકારમાં લાવી મૂકે છે, જેના ઉપર પ્રકાશ પાડતાં આનંદઘનજી કહે છે :

**તુરિય ભેદ પડિવત્તિ પૂજા, ઉપશમ ખીણ સયોગી રે;**
**ચઉહા પૂજા ઈમ ઉત્તરઝયણે, ભાખી કેવલ ભોગી રે.**
**સુવિધિ૰ ૭**

**શબ્દાર્થ :** ચોથો પ્રકાર પ્રતિપત્તિ પૂજાનો છે, જે ઉપશાંત મોહ, ક્ષીણ મોહ અને સયોગીકેવળી ગુણસ્થાને હોય છે. આમ, પૂજાના ચાર પ્રકાર ઉત્તરાધ્યયનમાં કેવળજ્ઞાનના ભોગી એવા ભગવાને કહ્યાં છે. (તુરીય = ચોથો; ભેદ = પ્રકાર; પડિવત્તિ = પ્રતિપત્તિ, સ્વરૂપપ્રાપ્તિ; ઉપશમ = ઉપશાંતમોહ ગુણસ્થાન; ખીણ = ક્ષીણમોહ ગુણસ્થાન; સયોગી = સયોગીકેવળી ગુણસ્થાન; ચઉહા = ચાર; ઈમ = આમ; ઉત્તરઝયણે = ઉત્તરાધ્યયન સૂત્રમાં; ભાખી = કહી છે; કેવલ ભોગી = કેવળી ભગવંતે, કેવળજ્ઞાનના ભોગી ભગવાને)

**ભાવાર્થ :** પોતાના સચ્ચિદાનંદ સ્વરૂપની પ્રાપ્તિના લક્ષપૂર્વક સાધક જિનપૂજા દ્વારા અધ્યાત્મના સોપાનો ચઢતો ચઢતો નિર્વિકલ્પ સમાધિરૂપ ઉત્કૃષ્ટ ભાવદશામાં પ્રવેશે છે, જ્યાં હવે પૂજાના કોઈ વિકલ્પો ન રહેતાં માત્ર 'સ્વરૂપ-પ્રાપ્તિ' છે, જેને 'પ્રતિપત્તિ' કહેવાય છે. 'પ્રતિપત્તિ' નો અર્થ છે - ઘનિષ્ઠપણે જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ પોતાના મૂળ સ્વરૂપની પ્રાપ્તિ થવી. એટલે કે નિર્વિકલ્પ ભાવપૂજા, જ્યાં હવે પહેલાંની સવિકલ્પ દ્રવ્ય-ભાવપૂજાનું અવલંબન સહજપણે છૂટી જાય છે. પોતાની સ્વરૂપ-સંપત્તિનો અનુભવ કરતી એટલી અલૌકિક દશા વર્તે છે કે તે મહાત્મા જિનપૂજા કરતો ન હોવા છતાં નિજ પૂજારૂપ ઐશ્વર્યને માણે છે ! પહેલાં જે સુવિધિનાથ આદિ તીર્થંકરોને નમન કરતો હતો, તે હવે પરમાત્માની qualityનો આનંદ અને ઐશ્વર્ય અનુભવતાં બોલી ઊઠે છે, *"અહો ! અહો ! હું મુજને કહું, નમો મુજ નમો મુજ રે."* (શ્રી આનંદઘનજી-શ્રી શાંતિનાથ સ્તવન) આવી છે સ્વરૂપ પ્રાપ્તિરૂપ

## પ્રતિપત્તિ પૂજાની ખુમારી !

પ્રતિપત્તિ પૂજાની આંશિક શરૂઆત તો સાધકને ચોથે ગુણસ્થાને જ થઈ જાય છે કે જ્યારે તે જિનપૂજાનું પુષ્ટ નિમિત્ત લઈને કોઈ ધન્યપળે નિજસ્વરૂપમાં લીન થઈ સમ્યક્દૃષ્ટિ મહાત્મા બને છે. ત્યારબાદ સંયમ માર્ગે આગળ વધતાં દેશવિરત શ્રાવકરૂપ પાંચમા ગુણસ્થાને અને ત્યારબાદ સર્વસંગ પરિત્યાગ કરી મુનિધર્મરૂપ ૬-૭ ગુણસ્થાનમાં પ્રવેશે છે. અહીં ભાવદશા એટલી ઊંચી હોય છે કે આ મહાત્માને હવે દ્રવ્યપૂજાના અવલંબનોની જરૂર નથી રહેતી. વારંવાર નિર્વિકલ્પ સમાધિરૂપ અલૌકિક દશા વર્તે છે. જો કે છઠ્ઠા ગુણસ્થાને વિકલ્પાત્મક દશામાં આવતાં ભાવપૂજા, પ્રભુભક્તિ, સ્વાધ્યાય, તપ આદિનું અવલંબન અવશ્ય લે છે.

આનંદઘનજી તો આ મુનિદશાની પણ ચરમસીમારૂપ પ્રતિપત્તિ પૂજાની અહીં વાત કરે છે. અને તેના પણ ત્રણ પ્રકાર કહે છે - **'ઉપશમ, ખીણ, સયોગી.'** યોગ્ય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના સમન્વયથી નિર્વિકલ્પ સમાધિ જ્યારે અત્યંત પરિપક્વ બને ત્યારે આ મુનિ ભગવંત આગળના ગુણસ્થાનની શ્રેણી માંડે છે. જો ઉપશમ શ્રેણી હોય તો ૧૧ મા ઉપશાંતમોહ ગુણસ્થાને પહોંચે છે અને જો ક્ષપકશ્રેણી માંડે તો ૧૨ મા ક્ષીણમોહ ગુણસ્થાને પહોંચે છે. ઉપશમ-મોહ ગુણસ્થાને ઘાતીકર્મોનો ઉપશમ છે પણ ક્ષય નથી, તેથી તે ૧૩ મા ગુણસ્થાને પહોંચી શકતા નથી, જ્યારે ક્ષીણમોહ ગુણસ્થાને ઘાતીકર્મોનો આત્યંતિક ક્ષય હોવાથી તુરત જ કેવળજ્ઞાન પ્રગટે છે, જેને ૧૩મું 'સયોગી કેવળી' ગુણસ્થાન કહેવાય છે, જ્યાં જીવ અરિહંત પરમાત્મા બને છે.

કષાયની ચારેય ચોકડીનો ઉપશાંતમોહ ગુણસ્થાને ઉપશમ, ક્ષીણમોહ અને સયોગી કેવળી ગુણસ્થાને ક્ષય હોવાથી ત્યાં અત્યંત નિર્મળ સ્વરૂપની પ્રાપ્તિરૂપ પ્રતિપત્તિ પૂજા છે એમ આનંદઘનજી કહે છે. ૧૩ મે તો પરમાત્મપદ છે તેથી પૂજાના કોઈ વિકલ્પ નથી, પરંતુ જિનપૂજનાથી શરૂ કરેલ સાધના નિજપૂજનારૂપ ધ્યેયની સંપૂર્ણ પ્રાપ્તિ અને કૃતકૃત્યતામાં પૂરી થાય છે, તે અપેક્ષાએ ત્યાં પણ પ્રતિપત્તિપૂજા કહી. ઉપરના ગુણસ્થાનોની આ અલૌકિક ભાવદશા આપણા જેવા અલ્પમતિ માટે અગમ્ય અને રહસ્યમય છે. પરંતુ જિનપૂજાના સર્વ પ્રકારો સેવતી વખતે આ પ્રકારની નિર્વિકલ્પ પ્રતિપત્તિ પૂજા મારું ધ્યેય છે એ લક્ષ રહે તે માટે આનંદઘનજી અહીં તેનો ઉલ્લેખ કરે છે. તેમ છતાં ૧૨મા ગુણસ્થાન સુધીનાં થોડાં રહસ્યો કૃપાળુદેવે સાદી ભાષામાં ખોલ્યાં છે, તે જોઈએ.

"બારમે ગુણસ્થાનકે વર્તતા આત્માને નિદિધ્યાસનરૂપ ધ્યાનમાં શ્રુતજ્ઞાન એટલે મુખ્ય એવાં જ્ઞાનીનાં વચનોનો આશય ત્યાં આધારભૂત છે." (પત્રાંક ૫૭૫) "ક્ષીણમોહ પર્યંત જ્ઞાનીની આજ્ઞાનું અવલંબન પરમ હિતકારી છે." (પત્રાંક ૮૮૮) "બારમા ગુણસ્થાનકના છેલ્લા સમય સુધી પણ જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે ચાલવાનું થાય છે. તેમાં સ્વચ્છંદપણું વિલય થાય છે."(વ્યાખ્યાનસાર-૧/૪૯)

અંગપૂજા, અગ્રપૂજા (જેના વિશે આપણે ગયા અંકમાં જોઈ ગયા), ભાવપૂજા અને પ્રતિપત્તિ પૂજા - આમ, પૂજાના ચાર પ્રકાર કેવળજ્ઞાનના ભોગી એવા પરમાત્માએ શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં આપણા કલ્યાણ માટે કહ્યાં છે. તેમાં અપૂર્વ શ્રદ્ધા લાવી આપણી ભૂમિકા અનુસાર દ્રવ્ય-ભાવપૂજા કરીએ તો કેવું ઉત્તમ ફળ મળે તેનો ફરી એકવાર ઉપસંહાર રૂપે ઉલ્લેખ કરતાં આનંદઘનજી અંતિમ ગાથામાં કહે છે :

**"એમ પૂજા બહુ ભેદ સુણીને, સુખદાયક શુભ કરણી રે;**
**ભવિક જીવ કરશે તે લેશે, આનંદઘનપદ ધરણી રે."**

**સુવિધિ૦ ૮**

**શબ્દાર્થ :** આમ પૂજાના અનેક પ્રકાર સાંભળીને, જે ભવ્ય જીવ દ્રવ્ય-ભાવપૂજારૂપ સુખદાયક શુભ કાર્ય કરશે, તે આનંદઘનપદના ધારક એવા મોક્ષપદને પ્રાપ્ત કરશે. (ભવિક જીવ = ભવ્ય જીવ, નિકટભવી જીવ; ધરણી = આધારરૂપ સ્થાન, ધરા, પૃથ્વી)

**ભાવાર્થ :** જિનપૂજનનું મૂળભૂત પ્રયોજન તો આનંદઘનપદની, પરમાત્મપદની આપણને પણ પ્રાપ્તિ થાય તે છે. તે પ્રયોજનની સિદ્ધિ તરફ આનંદઘનજી હવે લઈ જાય છે. પૂજાના અનેક પ્રકાર ગુરુગમથી અને આગમ પ્રમાણે સાંભળ્યા, સમજયા. પરંતુ બહુ પ્રકારોમાં ઉલઝાઈ ન જતાં, જે પ્રકાર આપ રુચિ-ભક્તિ પ્રકારોમાં ઉલઝાઈ ન જતાં, જે પ્રકાર આપણી રુચિ-ભક્તિ અનુસાર ભાવદશા વધારવામાં ઉપયોગી લાગે અથવા સદ્‌ગુરુ આપણી પાત્રતા અનુસાર બતાવે, તે પ્રકારમાં લાગી પડવું. અને તે પણ શરૂઆતમાં જ કહ્યું તે પ્રમાણે "પ્રહ ઊઠી પૂજીજે રે" અને "હરખે દેહરે જઈએ રે"આ પ્રકારે પૂજાનો કોઈપણ પ્રકાર સેવતાં પૂજાવિધિની આ શુભકરણીમાં સાત્ત્વિક અને તાત્ત્વિક પ્રસન્નતાનો અનુભવ થતાં તે અત્યંત સુખદાયક લાગશે. સંસારની વિષય-ભોગ તરફ લઈ જતી કરણી અંતે તો દુઃખદાયક જ નીવડે છે, જ્યારે પ્રભુભક્તિમાં તો પ્રભુની નિર્વિકારી, પરમ શાંત, અનંત આનંદમય સ્વરૂપની ઝાંખી મળતાં બધાં કષાયો અત્યંત ઉપશાંત થઈ પોતાના સહજ સુખ તરફ દૃષ્ટિ થતાં મન નાચી ઊઠે છે. તેથી આનંદઘનજી આ કરણીને સુખદાયક કહે છે.

અહીં પંડિતોને પ્રશ્ન થાય કે આ શુભકરણીથી શુદ્ધ એવું આનંદઘનપદ કઈ રીતે મળે ? તો હા, શુભભાવ તે શુદ્ધભાવનું ભલે સાક્ષાત્ કારણ નથી, પરંતુ તે તરફ લઈ જનારો 'સમંત વ્યવહાર' છે, મોક્ષનું પરંપરા કારણ છે, જેની વાત ગાથા-૪ માં આવી હતી. જિનપૂજારૂપ શુભ કરણીથી મનની શુદ્ધિ તેમજ પ્રભુની સાચી ઓળખાણ થતાં પ્રભુ પ્રત્યે અત્યંત નિષ્કામ પ્રેમ, તેમના જેવા જ પોતાના સ્વરૂપમાં મગ્ન થવાનો અભ્યાસ, પરિણામે નિજસ્વરૂપનો નિર્વિકલ્પ અનુભવ અને તેથી થોડા જ ભવોમાં અનંત જ્ઞાનાનંદસ્વરૂપ પૂર્ણ મોક્ષની, આનંદઘનરૂપ ધરાની પ્રાપ્તિ. નિકટભવી જીવ આ રીતે દ્રવ્યપૂજાના ભેદ-પ્રભેદને ગુરુગમથી સમજી, તે સુખદાયક શુભકરણીમાં પ્રતિદિન પ્રવર્તીને ભાવપૂજાના સોપાનો ચઢતો, અંતે પ્રતિપત્તિ પૂજારૂપ અખંડ નિર્વિકલ્પ સમાધિમાં પ્રવેશ કરી આનંદના ઘનરૂપ, પિંડરૂપ (Solid bliss) આનંદઘનપદની ભૂમિરૂપ કેવળજ્ઞાન લઈ પરમાત્મપદને પ્રાપ્ત કરે છે.

યોગીશ્વર આનંદઘનજીએ જિનેશ્વર પૂજાના આવા રહસ્યોને ન ખોલ્યા હોત તો આપણે હજુ તેને માત્ર જડક્રિયારૂપે કરતાં રહ્યા હોત. તેમની અનંતકૃપા છે કે પૂજાને રસપ્રદ બનાવી, તેનું અનંતર અને પરંપર ફળ બનાવી, મોક્ષમાર્ગમાં એક ઉત્કૃષ્ટ અવલંબન તરીકે સમજાવી આપણા જ આનંદઘનપદની પ્રાપ્તિનો પુરુષાર્થ જગાડ્યો. તે માટે તેમને કોટિ કોટિ વંદન.

શ્રી સુવિધિનાથ સ્તવનની વિચારણા અહીં પૂરી થાય છે. અલ્પજ્ઞતા વશ આ જીવથી આનંદઘનજીના આશયથી કંઈ પણ ઓછું, અધિકું કે વિપરીત લખાયું હોય તો સર્વ જિનેશ્વર ભગવંતોની સાક્ષીએ ક્ષમાયાચના કરું છું.

॥ શ્રી સુવિધિનાથ ભગવાન કી જય ॥

॥ શ્રી આનંદઘનજી મહારાજ કી જય ॥

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

॥ ઈતિ શ્રી સુવિધિનાથ સ્તવન વિવેચન સમાપ્તમ્॥

● ● ●

# અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?

(ક્રમાંક - ૧૬)

**વલભજી હીરજી 'કેવલ'**

**"વેદનીયાદિ ચાર કર્મ વર્તે જહાં,**
**બળી સીંદરીવત્ આકૃતિ માત્ર જો;**
**તે દેહાયુષ આધીન જેની સ્થિતિ છે,**
**આયુષ પૂર્ણે મટિયે દૈહિકપાત્ર જો."**
**અપૂર્વ૦ ૧૬**

આ સોળમી ગાથામાં કેવળજ્ઞાનીને ચાર અઘાતી કર્મો કેવા હોય છે તે બતાવે છે. તેરમી ભૂમિકામાં અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ અનંત વીર્ય પ્રગટે છે. પણ હજી ચાર અઘાતી કર્મ બળેલી દોરડી જેવા વિદ્યમાન છે, પણ તે બાધક નથી. અઘાતી કર્મમાં શાતા-અશાતા (વેદનીય) આદિ કર્મ બાકી રહે છે, અને તે આયુષ્ય પૂર્ણ થતાં સુધી તેની સ્થિતિ છે. આયુષ્ય પૂરું થતાં દેહમાં રહેવાની જીવની સ્થિતિ પૂરી થાય છે. તેથી ઊર્ધ્વગમન સ્વભાવ પ્રગટ થઈ સ્વતંત્ર તત્ત્વ સિદ્ધ, બુદ્ધ, મુક્ત થાય છે. આત્માના ભાન-શ્રદ્ધા વિના ભવ ન ઘટે.

જ્ઞાની ધર્માત્મા શ્રીમદ્ ૨૯ મા વર્ષે તો અપૂર્વ અવસરની એવી ભાવના ભાવે છે કે દેહાદિ ઉપાધિની પાત્રતા ટાળું, અને પૂર્ણ અસંગ શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરી અશરીરી થાઉં. પરમ તત્ત્વની ગાઢ રુચિ વધતાં સ્વપ્નાં પણ તે સંબંધીના જ આવે. રાત્રિ-દિવસ આત્માને જાણે-દેખે અને વિચારે : 'હું અશરીરી થઈ જાઉં.' મહાન સંત મુનિવરોના સત્સંગમાં મોક્ષમાર્ગી જીવને રુચિ હોય છે. જેને સંસારની રુચિ છે, તેને તે જ જાતના વિચાર તથા વલણ થયા વિના રહે નહીં. પુણ્ય-પાપ દેહાદિનાં સર્વ સંસારી કાર્યો પોતાને આશ્રિત માનવાં તે કર્તૃત્વભાવ છે. ઉપાધિરૂપ બંધ ભાવ છે. હું નિરાકુળ ચૈતન્ય આનંદમૂર્તિ છું. **"ચેતનરૂપ અનૂપ, અમૂરત, સિદ્ધ સમાન સદા પદ મેરો"** એ સિદ્ધપદ ક્યારે અને કેવી રીતે પ્રગટે એ જ ભાવના અંતરંગમાં ખૂબ ઘોળાતાં ચારિત્રગુણનો વિકાસ થઈ વીતરાગતા પ્રગટે છે. સંસારી મોહી જીવ બાહ્ય ઉપાધિથી તથા ધર્મના નામે ફાલવા માગે છે, ત્યારે જ્ઞાની એમ માને છે કે હું આનંદ સ્વરૂપની સ્થિરતામા ફાલું, એવા અબંધ ભાવે વીતરાગ દૃષ્ટિ વડે સ્વરૂપની સ્થિરતા વધારે છે અને સ્થિરતાને સાધે છે. એ પવિત્રતાની રમણતામાં દેહાદિ પરમાણુમાત્રનો સંબંધ ટળી જાય એવો અપૂર્વ અવસર ક્યારે આવશે ? આ જાતની અંતરંગ ભૂમિકા પામ્યા વિના કોઈ પણ મોક્ષ સ્વભાવને પામે નહીં.

અહીં શુદ્ધ આત્મસ્વરૂપ કેમ પ્રગટ થાય તેની ભાવના છે. જેમાં જેની રુચિ તે ઊણું ન માગે. કેવળજ્ઞાન કેમ પ્રગટે, તેની ભાવના શ્રીમદ્ રાજચંદ્ર સ્વાત્મગત અહીં વિચારે છે. અત્રે સિદ્ધદશાની ભાવના છે. પોતાનું પૂર્ણ શુદ્ધ આત્મપદ જેવું છે તેવી જ યથાર્થ પ્રતીતિ, જ્ઞાન અને સુવિચારદશાથી સહજ આત્મસ્વરૂપનું ઘોલન ધર્માત્માને હોય છે. એ પૂર્ણતાને લક્ષે પૂર્ણ થવાની ભાવના જ્ઞાની ભાવે છે. **(ક્રમશઃ)**

# સહેજ ઊંડુ વિચારીએ તો...

❋ ❋ ❋ ❋ ❋ ❋ ❋ ❋ **અનુપમભાઈ શાહ** ❋ ❋ ❋ ❋ ❋ ❋ ❋ ❋

**પર્યાયદૃષ્ટિનું ફળ સંસાર છે અને દ્રવ્ય દૃષ્ટિનું ફળ વીતરાગતા છે - મોક્ષ છે.**

આ વચનામૃતનો અર્થ ચિંતવવા માટે સર્વપ્રથમ તો તેનો શબ્દાર્થ જાણવો જોઈએ. કોઈ પણ દ્રવ્યની એક સમયની અવસ્થાને પર્યાય કહેવામાં આવે છે. આપણે કહીએ છીએ કે, उत्पादव्ययध्रौव्ययुक्तं सत् । અર્થાત કે કોઈપણ દ્રવ્ય તે ઉત્પન્ન પણ થાય છે, તેનો નાશ પણ થાય છે અને તે સદાકાળ જેમનું તેમ યથાસ્થિત પણ રહે છે. તો પ્રશ્ન થાય છે કે આ વચનનો અર્થ તો Self Contradictory છે. પહેલી નજરે એમ લાગે ખરું પરંતુ તેનો અર્થ સમજવા માટે દ્રવ્ય-ગુણ-પર્યાયની અપેક્ષા લેવી પડશે.

દા.ત. તુર્તનું જન્મેલું બાળક, ૨૫ વર્ષ પછી યુવાન થયેલું તે બાળક અને ૮૦ વર્ષની વયોવૃદ્ધ ઉંમરે પહોંચેલું તે બાળક તે હકીકતમાં વ્યક્તિ તો એક જ છે. માત્ર તેની અવસ્થામાં ફરક થયો છે. એટલે કે તેનું તે જ બાળક ૨૫ વર્ષ પછી યુવાન અને ૮૦ વર્ષ પછી વૃદ્ધાવસ્થાને પામ્યું છે. બાળકપણું, યુવાની અને વૃદ્ધાવસ્થા તે એક જ વ્યક્તિની જુદી જુદી અવસ્થાઓ કહેવાય. આમાંની કોઈ પણ એક અવસ્થાનો વિચાર કરીએ તે અવસ્થાને પર્યાય કહેવાય અને તે અંગેની વિચારણાને પર્યાયની વિચારણા કહેવાય.

પરંતુ વિચારો કે ઉપરોક્ત ત્રણેય અવસ્થાઓમાં તે બાળકના, યુવાનના કે વૃદ્ધના દેહ સાથે એકક્ષેત્રાવગાહે રહેલું ચૈતન્યતત્ત્વ તો એનું એ જ છે અને એમનું એમ જ છે. દેહની અવસ્થા બદલાતી રહેવા છતાં ચૈતન્ય આત્મામાં તો લેશ માત્ર પણ ઘટાડો કે વધારો, જાડાપણું કે પાતળાપણું, રોગીપણું કે નીરોગીપણું કાંઈ ફરક થતો જ નથી. અર્થાત્ દેહની અલગ અલગ અનેક પર્યાયો વખતે પણ તે તો જેમનું તેમ જાણવા-દેખવાના સ્વભાવવાળું, જ્ઞાયકતા, વેદકતા, સુખાભાસ સ્વભાવી જ રહે છે. અર્થાત્ તે ધ્રૌવ્ય તત્ત્વ છે. એટલે કે પર્યાય ક્ષણે ક્ષણે પલટાતી રહે છે. સમયે સમયે એક પર્યાય નષ્ટ થતી જ રહે છે પરંતુ ધ્રૌવ્ય તત્ત્વ તે સમગ્ર પર્યાયોથી અપ્રભાવિત રહેતું થકું અજર, અમર, અવિનાશી, અનંત દર્શન, જ્ઞાન, સુખ, વીર્ય સહિત, નિરંજન-નિરાકાર, સ્વપર પ્રકાશક, શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ અનંત આનંદના પિંડ રૂપે જેમનું તેમ સ્થિત રહે છે.

હવે પૂર્વોપાર્જિત કર્મોના ઉદયરૂપે વર્તમાનમાં આપણને ઘર, કુટુંબ, ભાઈ-બહેનો (પરિવાર), શરીર, ધન, શાતાના અનેક સાધનો અને કીર્તિ ઈત્યાદિ પ્રાપ્ત થયેલ છે. (કાયા-કીર્તિ, કુટુંબ, કાંચન, કામિની - પાંચ 'ક') આ સર્વે કર્મની નીપજ હોવાથી શાશ્વત નથી, સદાકાળ રહેવાનાં નથી તે ક્ષણભંગુર અને નાશવંત છે. તે 'આપણું' કહેવાતું હોવા છતાં અને આપણે તેનો (અજ્ઞાન અવસ્થામાં પોતાનું માનીને) ઉપભોગ કરતા હોવા છતાં લાખ પ્રયત્ને પણ તે 'આપણું' થઈ શકતું જ નથી. એવી સર્વે પૂર્વે બાંધેલા કર્મોના પરિપાક રૂપે પ્રાપ્ત થયેલ સાધન-સામગ્રી, દેહ અને દેહને આશ્રિત પદાર્થોને પોતાના માનવાં, તેનું અભિમાન કરવું, તેનાથી પોતાને 'મોટા' માનવા અને તેની પ્રાપ્તિમાં દુર્લભ મનુષ્યભવને

વેડફી નાખવામાં 'ધન્યતા' - માનવી આ સઘળી પર્યાય - દૃષ્ટિ છે અને આવા પ્રાપ્ત થયેલા સંયોગોને 'પોતાના' ન માનતાં તેથી અપ્રભાવિત થઈને ઉદાસીનપણે વેદતા છતાં "હું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપી એવો આત્મા છું" એમ સતત સ્વરૂપદૃષ્ટિ જાગૃત રાખતાં અને તેને વૃદ્ધિગંત કરતાં કરતાં સંસારના સર્વ પ્રકારો અને પ્રસંગોને સમભાવે - માત્ર પાડોશી બનીને - ઘેર આવેલા મહેમાન જાણીને - પ્રબળ વૈરાગ્યભાવ સહિત વેદવાં તે દ્રવ્ય-દૃષ્ટિ છે. અર્થાત્ દુનિયા તે નાટક છે. તેમાં પાત્રો, પ્રસંગો કે શુભાશુભ પ્રસંગો સાથે મારે સ્નાન-સૂતકનો પણ સંબંધ નથી. તે મને સુખી કે દુઃખી કરી શકે જ નહીં એમ જાણી-સમજી-શ્રદ્ધી અનાસક્ત ભાવે તેમાં પ્રવર્તવું પડે તો પ્રવર્તે તેવા મહાપુરુષાર્થવંત જીવો દ્રવ્ય-દૃષ્ટિના આરાધક હોય છે.

આટલું સમજ્યા પછી આ ચિંતન-લેખની શરૂઆતમાં લખેલા વચનામૃતનો વિચાર કરીએ કે પર્યાયદૃષ્ટિ તે સંસારનું ફળ છે. સહજપણે સમજાય તેવું છે કે પર્યાય દૃષ્ટિવાળો જીવ ક્ષણે ક્ષણે, કાર્યે કાર્યે અને પ્રસંગે પ્રસંગે મોહ, ભ્રમ, ભ્રમણા, અજ્ઞાન કે મિથ્યાત્વને જ ગાઢું કર્યા કરે છે અને અનંત સંસાર વધારતો જાય છે. પત્રાંક ૧૦૮ માં કૃપાળુદેવ ફરમાવે છે કે તારે દોષે તને બંધન છે તે સંતની પહેલી શિક્ષા છે, તારો દોષ એટલો જ કે અન્યને પોતાનું માનવું અને પોતે પોતાને ભૂલી જવું. વળી, વચનાવલી પત્રાંક - ૨૦૦ માં પણ દોહરાવે છે કે જીવ પોતે અનાદિકાળથી પોતાને ભૂલી ગયો છે તેથી તેને સત્‌સુખનો વિયોગ છે.

કહેવાનું તાત્પર્ય માત્ર પૂર્વકર્મના ઉદયથી જેનો સંયોગ થયો છે અને જેનો વિયોગ અવશ્ય થવાનો છે તેને પોતાનું માની તેમાં રાચવું - માચવું - મસ્ત રહેવું અને નાના પ્રકારના મદ દ્વારા મોહ-નિદ્રામાં સૂતા રહેવું તે અસંખ્ય કર્મોના આસ્રવ તથા બંધનું કારણ છે અને પરિણામે ચતુર્ગતિમાં સંસારપરિભ્રમણ કરાવનારું છે.

તેથી વિપરીત દ્રવ્ય દૃષ્ટિનું ફળ વીતરાગતા છે - મોક્ષ છે. એટલે જેણે પોતાના શુદ્ધ આત્મસ્વરૂપનો આશ્રય લીધો છે તેને સંસારમાં કાંઈ જ સાર રૂપ દેખાતું નથી. સારું, લોભામણું, સુંદર કે મનમોહક પરંતુ જે શાશ્વત આપણું થઈ રહી ન શકે તેવા પદાર્થોમાં દ્રવ્ય દૃષ્ટિવાળા જીવોનું ચિત્ત ચોંટતું જ નથી. તેને તો ચરઅચરમાં, સમગ્ર જીવસૃષ્ટિ અને કુદરતના પ્રત્યેક સર્જનમાં એક માત્ર 'આત્મા' જ ભાસ્યમાન થાય છે; જેને પરિણામે તેનું સંસાર પ્રત્યયી બળ દિન - પ્રતિદિન પરિક્ષીણપણાને ભજતું દેખાય છે. એની ચિત્તવૃત્તિ બહારમાં ક્યાંય ન ઠહેરતાં પોતાના શુદ્ધાત્મામાં જ લીન થવા મથે છે. તે માટેના શુભ નિમિત્તોમાં તે જરૂર જોડાય છે. એટલે કે સેવા, પૂજા, ભક્તિ, ધર્મધ્યાન, અનેકાનેક અનુષ્ઠાન, તીર્થયાત્રા, દાનાદિકમાં તે જરૂર જોડાય છે. પરંતુ તેમાંય તેનું અંતરમન તો એક પરમાત્માને જ ભજે છે. તેને કાંઈ સારું - ખોટું, યોગ્ય-અયોગ્ય, મનગમતું-અણગમતું, પસંદ-નાપસંદ એવા વિકલ્પો ન થતાં જે તે પરિસ્થિતિનો સહજભાવે, સમતાપૂર્વક સ્વીકાર હોય છે. પરિણામે તેના રાગ-દ્વેષ-મોહ તે દિનપ્રતિદિન ઘટતાં જાય છે અને તેમ તેમ તે વીતરાગતા તરફ આગેકૂચ કરતો જાય છે. તેના આત્મા ઉપર ચોંટેલા કર્મોનો જથ્થો પણ કપાતો જાય છે અને વધતી દશાએ તે સમ્યક્ત્વનો અધિકારી થઈ, એકદેશસંયમી થઈ, સકળસંયમી મહામુનિશ્વર થઈને, શ્રેણી માંડીને સર્વકર્મથી રહિત શાશ્વત સુખ અને આનંદના ધામરૂપ મોક્ષદશાને પામે છે. ■

# ચિંતન

ચંપકભાઈ પરમાર્થી (વડોદરા)

- પાત્ર ગમે તે ધાતુનું હોય, પરંતુ તેમાં જો કોઈપણ પ્રકારનો છેદ હોય તો, પ્રવાહી વસ્તુ તેમાં રહી શકતી નથી, એ જ પ્રમાણે પાત્ર સ્ત્રી હો યા પુરુષ, જો તેમાં અજ્ઞાન કે અહંકારરૂપી છેદ / ભાવ હોય તો તેમાં ભક્તિ, પ્રેમ કે જ્ઞાનની ગંગા રહી શકતી નથી.
- 'સમજવું અને સમજાવવું' એમાં ફેર છે. તેમ છતાં "સમજાવેલું સમજવું અને જાતે સમજીને સમજવું" એ બંનેમાં પાયાની સમજફેર હોઈ શકે છે.
- અર્પણ તને શું કરું ? તારા થકી જે મેળવ્યું !
- છે જિંદગીનો પંથ અનેરો, કૈંક ખાડાઓ થકી ભરેલો.
- આંખમાં એની સૌમ્ય મૃદુતા, વર્ષ પાંચની બાળા, નિર્મળ એની વિચારધારા, હૈયે હેતની માળા. મારું-તારું જરા ન જાણે, ના ભાવિની હો માયા, અંગુલિ અધરે અડાડી ચકિતા, જો આ ઊભી બાલિકા.
- અન્યનું કરેલું હું ન ભોગવું,

  મારું જ ભોગવવું રહ્યું મારે.

  એવો સનાતન ધર્મ નથી કે

  અન્યનું કરેલું, બીજો ભોગવી જાણે.

  માને, તો એ મિથ્યા દંભ,

  આંખ હોવા છતાં દેખીતો અંધ.
- ચેતવું હોય તો ચેતી લે ઈન્સાન, નહિતર કર્મની ગતિ તો ન્યારી, એ તો સત્ય જ છે કે, 'ભેંસના શિંગડા ભેંસને જ ભારી'.
- સારું કે ખરાબ થવા માટે એક દિવસ / ક્ષણનું નૈમિત્તિક પરિણામ એકલું કારણભૂત નથી હોતું, એ તો અગાઉના સરવાળા - બાદબાકી થઈને નીપજતું પરિણામ હોય છે. જેમ કેલ્ક્યુલેટરમાં છેવટનો જવાબ મેળવવા = નિશાનીવાળી સ્વિચ દબાવવાની હોય છે કે પરિણામ હાજર.
- બીજ બનશે વટવૃક્ષ, રહે નહીં જરૂર, આધારની, બ્રહ્મને પરખવા જરૂર છે, પરખ સ્વઆત્મની.
- વ્યક્તિની ઓળખ માટે કુળ, જાતિ, ભણતર કે દેખાવ જરૂરી નથી. મુખ્ય તો વ્યવહાર, સંસ્કાર અને સ્વભાવ જરૂરી હોય છે. બેશક કુળ, જાતિ, ભણતર કે દેખાવ એમાં ભળે તો બસ પછી કશું બાકી રહેતું નથી.
- સુંદર મૂર્તિ ઘડવા માટે પોચો, સારા બંધારણવાળો અને તિરાડ વિનાનો પથ્થર જરૂરી છે. તે જ પ્રમાણે સંસ્કારી વ્યક્તિત્વ ઉપસાવવા માટે મન પોચું, હૃદય નિખાલસ, કોરી પાટી જેવું સ્વચ્છ અને આંખ નિર્મળ અપેક્ષારહિત હોવી જરૂરી છે.
- પ્રસંગ આવ્યે, અગાઉનો જૂનો બનાવ ભૂલીને પણ સામી વ્યક્તિનું સારું ઈચ્છે તે **ઉત્તમ...** પ્રસંગ આવ્યે, જૂનો બનાવ ભૂલે નહીં પરંતુ તેમ છતાં સામી વ્યક્તિનું સારું ઈચ્છે તે **મધ્યમ...** અને પ્રસંગ આવ્યે, જૂનો બનાવ ભૂલે પણ નહીં અને સામી વ્યક્તિનું બૂરું ઈચ્છે અથવા તેવા પ્રયત્ન કરે તે **કનિષ્ઠ...**
- વ્યક્તિની સાચી ઓળખ માટે પણ તેની નજીક રહેવું જરૂરી છે.

• • •

# શ્રી કૃષ્ણ દર્શન - સાંખ્ય યોગ

**ધૂની માંડલિયા**

સુખ અને દુઃખને સમાન માનવાવાળા જે ધીરપુરુષોને જે (ઈન્દ્રિયોના વિષયો) વ્યાકુળ નથી કરતા કે કરી શકતા તે અમૃતત્ત્વ (અર્થાત્ મોક્ષ) નો અધિકારી બને છે.

જેના દ્વારા આ સમસ્ત (સંસાર) વ્યાપ્ત છે તેને તું અવિનાશી જાણ. આ અવ્યય (આત્મા) નો વિનાશ કરવા કોઈપણ સમર્થ નથી.

જે આ (આત્મા)ને મારવાવાળો સમજે છે તથા જે એને મૃત સમજે છે એ બન્નેય જાણતા નથી કારણ કે એ ના તો મારે છે અને ના તેને મારી શકાય છે.

આ (આત્મા) ન ક્યારેય જન્મે છે અને ના ક્યારેય મરે છે. અથવા એવું પણ નથી કે તે એકવાર અસ્તિત્વમાં આવ્યા પછી તે નામશેષ થઈ જાય છે. તે જન્મ રહિત, શાશ્વત તથા સનાતન છે. શરીરનાં નષ્ટ થયા પછી પણ તે નષ્ટ થતો નથી.

જેવી રીતે માણસ જીર્ણ વસ્ત્રોને ત્યાગીને બીજાં નવાં વસ્ત્રો ગ્રહણ કરે છે તેવી રીતે દેહી (આત્મા) જીર્ણ શરીરને ત્યાગી બીજા નવા શરીરને પ્રાપ્ત કરે છે.

આત્માને શસ્ત્ર કાપી શકતું નથી. અગ્નિ તેને જલાવી શકતો નથી. પાણી તેને પલાળી શકતું નથી અને પવન તેને સૂકવી શકતો નથી.

કહેવાય છે કે આત્માનો વિચાર થઈ શકતો નથી કે વિકાર તેને વળગતા નથી. આત્માને તેના મૂળ સ્વરૂપે જાણી તારે (હે અર્જુન) કોઈપણ પ્રકારે શોક કરવો ઉચિત નથી. જો તું આ આત્માને સદા જન્મ લેવાવાળા અને સદા મરણયોગ્ય માને તો પણ હે મહાબાહુ (ધીર) તારે આ પ્રકારનો શોક કરવો ના જોઈએ.

જે જન્મે છે તેનું મૃત્યુ નિશ્ચિત છે અને મરી જનારનો પુનર્જન્મ પણ નિશ્ચિત છે. એટલા માટે જે નક્કી જ છે તેના માટે શોક કરવો ઉચિત નથી.

હે ભરતવંશી, સમસ્ત પ્રાણી જન્મ પહેલાં અપ્રગટ રહે છે. વચ્ચે (અર્થાત્ સ્થિતિકાળમાં) પ્રગટ થાય છે અને મરી ગયા પછી પુનઃ તે અપ્રગટ થઈ જાય છે.

★ જ્ઞાન-દર્શન-ચારિત્ર સમ્યક્ થાય એનું નામ મોક્ષ.
★ પેટની ભૂખ સંતોષવા માટે ગમે તેવું અનાજ જો ન ખવાય તો મનની ભૂખ સંતોષવા માટે ગમે તેવું વાંચન પણ કેમ કરાય ?
★ વિદ્યા ભણતાં વિનય આવે તો સમજવું કે વિદ્યા પચી છે અને અભિમાન આવે તો સમજવું કે વિદ્યાનો અપચો થયો છે.
★ પોતે કોણ છે ને કોણ નથી એ જાણવું એનું નામ જ્ઞાન.
★ મોક્ષ તો પોતાનો સ્વભાવ છે અને આ સંસાર તે વિભાવ.
★ ધર્મ જન્મગત કે જાતિગત નહિ પણ આત્મગત હોય છે.
★ 'હું' પણું છે ત્યાં હિંસા છે જ. ★ સંયમ એટલે સ્વચ્છંદ પર વિજય.

# શ્રીમંતાઈનો અહંકાર અત્યંત ગરીબ હોય છે !

**રોહિત શાહ**

અહંકાર બે પ્રકારના હોય છે : એક નિર્મળ, નિર્દોષ અને બીજો પ્રદૂષિત, લુચ્ચો.

બંને પ્રકારના અહંકાર માણસને ડૂબાડનારા જ છે એમ કહેવું થોડું અતિશયોક્તિવાળું લાગશે. એમ કહેવું જોઈએ કે અહંકાર માણસને ડૂબાડે ત્યાં સુધી ભરપૂર જીવાડે છે. પોતાનું ધાર્યું કરવાનો નશો કાંઈ જેવો તેવો નથી હોતો ! અહંકારના નશામાં માણસને પોતાનું જીવન સાર્થક અને સર્વશ્રેષ્ઠ લાગે છે. એ નશો એને જીવાડે છે, અને આખરે ડૂબાડે છે. ક્યારેક તો નશો એટલો તીવ્ર હોય છે કે માણસને ડૂબવાનો અફસોસ પણ નથી થતો !

નિર્મળ અને નિર્દોષ અહંકાર કોને કહેવાય ? કેટલાક લોકોને પોતે ખૂબ શ્રીમંત છે, પોતે ખૂબ ભક્તિભાવ ધરાવનારા છે, પોતે ખૂબ સેવાભાવી છે એવું બતાવવાના અભરખા હોય છે. એવા લોકો જ્યારે અને જ્યાં તક મળે ત્યાં પોતાના અહંકારનું વાજું વગાડવા માંડે છે. તેઓ કોઈને કશું નુકસાન નથી પહોંચાડતા (ઊલટાનો લાભ કરી આપતા હોય છે), એટલે એમના અહંકારને આપણે નિર્મળ અને નિર્દોષ કહીશું. દાખલા તરીકે એક માણસને પોતાની શ્રીમંતાઈનું પ્રદર્શન કરવાનો અહંકાર છે. એ માણસ શું કરશે, ખબર છે ? એના ઘેર કોઈ ગેસ્ટ આવ્યા હશે કે કોઈ દૂર-દૂરના સગાં આવ્યા હશે તો પણ એમના પ્રત્યે ઉત્કૃષ્ટ અને અનરાધાર આતિથ્યભાવ બતાવશે. તેમને આગ્રહ કરી કરીને નાસ્તાપાણી કરાવશે. પછી પોતાનો બે-ત્રણ માળનો બંગલો બતાવશે. રૂમે રૂમે ફેરવીને ગેસ્ટને પોતે વસાવેલું કીમતી ફર્નિચર બતાવશે. કેવી કેવી ઈમ્પોર્ટેડ અને કોસ્ટલી ચીજો વસાવી છે એ બતાવશે. દરેક ચીજનાં ગુણગાન ગાશે અને એનો ઈતિહાસ વિસ્તારથી કહેશે, 'આ કબાટ જોયો ? એની ફ્રેમ માટે જે લાકડું વપરાયું છે તે ઈજિપ્તથી ઈમ્પોર્ટ કરેલું છે. લાકડું અહીં આવવામાં જ ચાર મહિના થઈ ગયેલા. પણ મેં જરાય કોમ્પ્રોમાઈઝ ન કર્યું. એમ તો આવું સેઈમ ટુ સેઈમ ડુપ્લિકેટ લાકડું અહીંના બજારમાં ઓછી કિંમતે મળતું હતું, પણ ઓરિજિનલ એટલે ઓરિજિનલ હોં ! આ લાકડામાંથી ફ્રેમ બનાવતાં જ મિસ્ત્રીને વીસ દિવસ લાગી ગયા હતા ! એ તો ઠીક, એ મિસ્ત્રી આ ઈમ્પોર્ટેડ લાકડું બતાવવા એના બીજા કારીગર મિત્રોને રોજ અહીં લઈ આવતો હતો !'

બસ, શ્રીમંતાઈનો અહંકાર ધરાવતા લોકો આવી બડાશો માર્યા કરતા હોય છે. ભક્તિના જાહેર કાર્યક્રમમાં મોટી મોટી બોલીઓ-ચઢાવા બોલશે અને સૌથી આગળ બેસવાનો પ્રયત્ન કરશે. પોતે આડકતરી રીતે જાહેર સન્માન મેળવવા મથામણ કરશે.

કેટલાક લોકોને પોતે કેવા ભક્તિભાવ ધરાવનારા છે એવું બતાવવાનો અહંકાર હોય છે. તેઓ મોટેથી ઘંટ કે ઘંટડી વગાડશે, જાતજાતના રાગડા તાણશે, બીજા લોકો જોતા હોય ત્યારે આગવી સ્ટાઈલથી સાષ્ટાંગ દંડવત્ કરશે, વિનમ્રભાવે પ્રસાદ લેશે અને ખાશે, ટીલાં-ટપકાં તાણશે. ઈન શોર્ટ, આસપાસના લોકોનું ધ્યાન

અટ્રેક્ટ કરવા કોશિશ કરશે.

આ તમામ અહંકાર નિર્મળ અને નિર્દોષ છે, કારણ કે એવો અહંકાર કરનારા લોકો કોઈની પાસેથી કશું પડાવી લેવા - મેળવી લેવા નથી માગતા. ઊલટાનું ગાંઠનું આપી-આપીને બડાશો મારતા હોય છે.

પરંતુ પ્રદૂષિત અને લુચ્ચો અહંકાર અતિ ખતરનાક હોય છે. કારણ કે એમાં વ્યક્તિ પોતાને જેવી બતાવવા ઝંખે છે તેવી હોતી નથી, બીજાના ખભા ઉપર બેસીને એણે પોતાની ઊંચાઈ પુરવાર કરવાની હોય છે.

દા.ત. તમે તમારા કોઈ સ્નેહીને મળવા તેની ઑફિસે જાવ છો. તમારા સ્નેહી ઊંચી પોસ્ટ ઉપર છે. તમારી સામે એ સ્નેહી પોતાની ઊંચી પોસ્ટનો અહંકાર બતાવવા વારંવાર બેલ વગાડીને પ્યૂનને બોલાવશે. સાવ સામાન્ય ભૂલ માટે કલાર્કને ધમકાવશે. દરેકને કંઈક ને કંઈક કામ રોફપૂર્વક બતાવશે. પોતાના અહંકારને પોષવા માટે કોઈકની હાજરીમાં જ સ્ટાફનું કે ફેમિલી મેમ્બરનું ઈન્સલ્ટ કરનારા લોકો આ પ્રકારના ગણાય. ઘણાં પતિ-પત્નીને પણ મહેમાનો આગળ પોતાનું અસ્તિત્વ અને વર્ચસ્વ બતાવવાના અભરખા હોય છે. કોઈકની હાજરીમાં એમનું બિહેવિયર એબનોર્મલ થઈ જાય છે.

ક્યારેક તો કહેવાતા ધર્મગુરુઓ (કુગુરુઓ)ના લુચ્ચા અહંકાર એટલી પરાકાષ્ઠાએ પહોંચેલા હોય છે કે પોતે પૂજ્ય અને મહાન છે એવા વહેમમાં એ લોકો બીજાને તુચ્છ તથા ફાલતુ સમજવા લાગે છે. પોતાને સામાન્ય તાવ-શરદી થયાં હશે તોય એની જાહેરાતો કરશે. પોતાને દવાખાને જવું પડયું હોય તો ત્યાં ટ્રીટમેન્ટ પાછળ જેટલો ખર્ચ થયો હોય એના કરતાં વધારે ખર્ચ કરીને વિવિધ અખબારોમાં એની જાહેરાતો છપાવશે અને લખશે કે, ગુરુજીને આરામની જરૂર છે. ભક્તોએ ખબર પૂછવા ભીડ જમા કરવી નહિ ! હકીકતમાં આ દ્વારા પોતાનો ભક્તવર્ગ કેટલો વિશાળ છે એવું બતાવવામાં અને આડકતરી રીતે ભોળા ભક્તોની ભીડ ભેગી કરવાનાં આ માત્ર ત્રાગાં છે. આવા સાધુઓના અહંકાર ધાર્મિક હોતા નથી.

અહંકાર માત્ર બહારની દુનિયા સાથેના વ્યવહારમાં જ હોય છે એવું નથી. ફેમિલીના આંતરિક રિલેશનમાં પણ દરેક જણ પોત પોતાની રીતે પોતાના અહંકારને પંપાળતાં રહે છે. એમાંથી ક્યારેક કંકાસ-સંઘર્ષ પેદા થાય છે અને કુટુંબના ટુકડા થઈ જાય છે. એક વાત યાદ રહે કે જયાં અહંકાર હશે ત્યાં ટુકડા-વિભાજન અવશ્ય હશે. ફેમિલીની વાત હોય કે સમાજની, ધર્મક્ષેત્રની વાત હોય કે પોલિટિક્સની - જયાં અહંકાર ટકરાશે ત્યાં ટુકડા થયા વગર રહેવાના નથી. રાજકારણમાં આટલા બધા પક્ષો અને ધર્મકારણમાં આટલા બધા સંપ્રદાયો આખરે તો કોઈક ને કોઈક પ્રદૂષિત અને લુચ્ચા અહંકારનું જ પરિણામ છે. કહેવાતા મોટા અને પવિત્ર લોકોના અહંકાર પવિત્ર નથી હોતા, બોસ !

## અમૃતવચન

- ધર્મ આ જગતમાં રત્ન સમાન છે. રત્નને સાચવવા જેમ સાવચેતી અને સલામતી રાખવી પડે છે તેમ ધર્મને સાચવવા માટે સતત સજાગ રહેવું પડે છે. ધર્મ જ સંસારસાગરમાં ડૂબતા જીવનો એકમાત્ર આધાર છે.
- ગુલાબની સાથે કાંટા હોય છે. કમળ કાદવમાં ખીલે છે. ચંદનના વૃક્ષને સાપ વીંટળાય છે. અને માણસ દુઃખથી ઘેરાયેલો છે. ગુલાબ કાંટા વચ્ચે લહેરાય છે. કમળ કાદવથી અલિપ્ત રહે છે, અને ખીલે છે. ચંદનનું વૃક્ષ સાપથી વીંટળાયેલું હોવા છતાં સુગંધ ફેલાવે છે. પરંતુ માણસ એક એવો છે કે જે હંમેશાં દુઃખની જ ફરિયાદ કરે છે !!

**- સંકલન : પૂર્ણિમાબેન શાહ**

# प्राणियों को पीडा नहीं करनेवाला वचन ही सत्य है ।

**बा. ब्र. पवन जैन, बा. ब्र. कमल जैन**
**( जैन उदासीन आश्रम, ईसरी )**

ऋषियों के द्वारा हितकारी, थोडा, प्रिय, सारभूत, निष्पाप, करूणा युक्त राग द्वेष आदि से रहित धर्म और ज्ञान के लिए जो वचन बोले जाते है वे सत्य वचन कहलाते है। जब तक सत्य रहता है तभी तक धर्म रहता है और जब तक धर्म है तभी तक शांति रहती है । सत्य वचनों से चन्द्रमा के समान निर्मल कीर्ति तीनों लोकों में फैलती है । सत्यवादी को देवता भी नमस्कार करते हैं । सत्य वचन के प्रभाव से पुरुषों के मुख में विश्वसनीय वाणी निवास करती है। सत्य से ही पुरुषों की बुद्धि तत्त्वों की परीक्षा करने के लिए कसौटी के पत्थर की तरह होती है । बुद्धिमान् सब जीवों का हित करने वाला सत्य वचन ही बोले अथवा धर्म, अर्थ काम, और मोक्ष पुरूषार्थ का साधक मौन धारण करें । सज्जन पुरूष स्वार्थ की सिद्धि के लिये मौन धारण करें अथवा स्वार्थ और परार्थ की सिद्धि के लिये अविरोधी वचन बोले। जहाँ सदाचरण बिगडता हो, धर्म का नाश हो, समीचीन सिद्वान्त का लोप होता हो उस जगह समीचीन धर्म क्रिया और सिद्धान्त के प्रकाशनार्थ बिना पूछे भी विद्वानों को बोलना चाहिए क्योंकि यह सतपुरूषों का कार्य है । निरन्तर सत्य वचन बोलने वाला मनुष्य वचनों की सिद्धि को प्राप्त करके अनंतर तीनों लोको पर शासन करने वाला होकर मुक्ति को प्राप्त होता है । प्रत्येक व्यक्ति को सत्य बोलना चाहिए, प्रिय बोलना चाहिए, और प्रिय असत्य भी नहीं बोलना चाहिए। यही सनातन धर्म है। मनुष्य का एक सत्य वचन ही सैंकडो दोषों को दूर करने में समर्थ होता है। जैसे मनुष्य मधुर वचनों से सन्तुष्ट होते है वैसे किसी वस्तु आदि के देने से सन्तुष्ट नहीं होते है। जगत पूज्य कल्याण की खान मधुर वचनों के रहते हुए भी कौन बुद्धिमान मनुष्य जगतनिन्द्य कडवा असत्य बोलेगा ? मनुष्य को चन्द्रमा, चन्दन, चन्द्रकान्तमणि के जल उस प्रकार सुखी नहीं करते जिस प्रकार मधुर वचन सुखी करते है। एक वचन कला ही समस्त कलाओं से युक्त होती है, अन्य कलाओं से क्या प्रयोजन है ? व्यक्ति वचनों से ही उपकारी, दुष्ट, सज्जन, धर्मात्मा, पापी, ज्ञानी और अज्ञानी जाना जाता है । अन्य बातों से क्या प्रयोजन है ? समीचीन वचन ही जागृति एवं परस्पर सौहार्द कर देते है क्योंकि सज्जनों के वचन जलाशय के बिना उत्पन्न हुए अमृत के समान होते है । सत्य वचन से देवता भी वशीभूत होकर नमस्कार करते है और निश्चित ही पिशाच आदि से छुडाकर रक्षा करते है। सत्यवादी मनुष्य माता की तरह विश्वास करने योग्य होता है, समस्त मनुष्यों में गुरू की तरह पूज्य और नित्य ही अपने बन्धु के समान प्रिय होता है। जैसे समुद् मछलियों की उत्पत्ति का स्थान होता है उसी प्रकार सत्य रूपी समुद्र में संयम, नियम, तप आदि समस्त गुण उत्पन्न होते है । सत्य के बल से युक्त मनुष्य धन्य हैं जो कि अग्नि के द्वारा जलाया नहीं जाता है, पानी में डूबता नहीं है, नदी के द्वारा बहाया नहीं जाता है । जो सत्य वचन बोलता है

उसके लिए अग्नि जल के रुप में, शत्रु मित्र के रुपमें, देव नौकर के रुप में, अटवी नगर के रुप में, समुद्र स्थल के रुप में, सर्प माला के रुप में, सिंह मृग के रुप में पाताल बिल के रुप में, शस्त्र कमल के रुप में, विष अमृत के रुप में, विषमता समता के रुप में परिणत हो जाती है। असत्य वचन का त्यागी अच्छा स्वर, स्पष्ट वचन, इष्ट मत के व्याख्यान में चतुर, क्षण भर में शत्रु को जीतने वाला होता है। कठोर, निष्ठुर, हास्ययुक्त, रुक्ष, दुष्टता अथवा निन्दारुप इर्ष्या गर्भित ये सभी निन्दनीय वचन कहे गये है। असत्य अविश्वास का प्रथम कारण है, खोटी वासना का घर है, उन्नति को रोकने वाला है, विपत्ति का कारण है, दूसरो को ठगने में प्रेरित करने वाला है, अपराध है। अतः बुद्धिमान् असत्य से दूर रहते है। मनुष्य शिर मुडा ले, जटा रख लें, शिखा रखा लें, अथवा वस्त्र धारण कर ले यदि झूठ बोलता है तो समस्त विडम्बना ही है। गूंगापन ,बुद्धि की विकलता, मूर्खता, अज्ञानता, बधिरता, तथा मुख में अनेक प्रकार के रोग, जीवों को असत्य बोलने से ही होता है। चोर से यह चोर है, अंधे से यह अंधा है, पापी से यह पापी है, नपुंसक से यह नपुसंक है, विधुर से यह विधुर है इत्यादि वचन भी क्रोध उत्पत्ति के कारण होने से नहीं बोलना सत्य धर्म है।

## भाव की महिमा

(राग : फिर छिड़ी बात)

भाव की महिमा जग में भारी, भाव से भाव कमल विकसाई (२)
भाव के भाने से होता भावी (२), भाव ही होते भव्य सुखदाई (टेक)

मेरे भावों में बसते हैं भगवन् (२), भाव भाने से भक्त भव पारी (२).
भाव के द्वार से होता आस्रव (२), भाव ही होते हैं बन्धनकारी (२). भाव (१)

भाव भाने से होता संवर है (२), भावों से होती निर्जरा भारी (२),
शुद्ध भाव की पराकाष्ठा से (२), भव्य जन पहुँचे सब मोक्षमही (२). भाव (२)

भगवन् तो मिले हैं भावों से (२), भाव की महिमा भव में न्यारी (२),
भाव से होते चक्री अधोगामी (२), भाव से तिर्यञ्च उर्ध्वगामी (२). भाव (३)


द्वादश भावना है भव नाशी (२), षोडषभावना विभूदायी (२),
तीन लोकों में होती हितकारी (२), सारे विश्व में अतिशय भारी (२). भाव (४)

भावना होती भववर्द्धिनी (२), भावना होती भवनाशिनी (२),
'सुविज्ञ' भाता है ये भावना (२), मुक्ति की राह चलूँ भवपारी (२). भाव (५)

**- पूज्य मुनि श्री सुविज्ञसागरजी**




# બાળ વિભાગ




સંકલન : મિતેશભાઈ એ. શાહ

## બીરબલના દીકરાની ચતુરાઈ

બીરબલ અત્યંત બુદ્ધિશાળી તેમજ જબરો આસ્તિક હતો. ઈશ્વરમાં તે માનતો હતો અને તેની ભક્તિ કરતો હતો. તે અકબર બાદશાહને પણ ઘણી વાર કહેતો કે ઈશ્વરની ભક્તિ કરો. તેને યાદ કરો.

આવું જ એક વાર બીરબલે બાદશાહને કહ્યું ત્યારે બાદશાહે કહ્યું, ''બીરબલ, તું ઈશ્વરને યાદ કરવા માટે મને વારંવાર કહે છે તો એ તો કહે કે ઈશ્વર ક્યાં રહે છે ? તેનાં દર્શન કેવી રીતે થાય ? અને તે શું કરે છે ?''

એક સાથે અકબરે ત્રણ પ્રશ્નો પૂછ્યાં. ત્રણે ખૂબ કઠિન પ્રશ્નો હતા. એનો જવાબ બીરબલ તુરત ન આપી શક્યો. તે ચિંતામાં પડી ગયો. પછી બોલ્યો, ''જહાંપનાહ ! આપના પ્રશ્નોના જવાબ માટે સાત દિવસનો સમય આપો. સાતમા દિવસે હું જવાબ આપીશ.''

બાદશાહે બીરબલની આ માગણી મંજૂર રાખી.

એક પછી એક છ દિવસ તો જોતજોતામાં પસાર થઈ ગયા પણ જવાબ જડતો ન હતો.

સાતમા દિવસનું પ્રભાત ઊગ્યું અને બીરબલ ચિંતામાં ડૂબી ગયો. એને ચિંતામાં ડૂબેલો જોઈ એનો નાનો દીકરો એની પાસે આવ્યો અને પૂછયું, ''પિતાજી ! આપ આટલી બધી ચિંતામાં કેમ જણાઓ છો ? એવું તે શું દુ:ખ આવી પડ્યું છે ?''

બીરબલે કહ્યું, ''બાદશાહે ત્રણ પ્રશ્નો પૂછ્યા છે, જેના જવાબ મારે આપવાના છે અને તે હું આપી શકું તેમ નથી.'' ''કયા પ્રશ્નો ?'' બીરબલના દીકરાએ પૂછયું. જવાબમાં બીરબલે બધી વાત માંડીને કહી. એ સાંભળી એ નાનો બાળક બોલી ઊઠ્યો, ''અરે ! એના જવાબો તો સાવ સહેલા છે, એમાં ચિંતા કરવાની શી જરૂર છે ? હું એના જવાબ આપી શકીશ.''

બીરબલે એ જવાબ જાણવાની ઈચ્છા કરી ત્યારે તેના દીકરાએ કહ્યું, ''પિતાજી ! તમને નહિ, હું ખુદ બાદશાહને જ એ કહીશ. મને તેમની પાસે લઈ જાઓ !''

બીરબલ પોતાના દીકરાને અકબર પાસે લઈ ગયો અને બોલ્યો, ''પરવરદિગાર ! આપના ત્રણ પ્રશ્નોના જવાબ આ નાનો બાળક આપશે.''

અકબરે આશ્ચર્યથી બાળક તરફ જોયું અને પૂછયું, ''આ નાનો બાળક મારા કઠિન પ્રશ્નોના જવાબ આપશે ? સારું તો હે બાળક, મને કહે કે ઈશ્વર ક્યાં રહે છે ? એનાં દર્શન કેવી રીતે થાય ? અને તે શું કરે છે ?''

બાળકે કહ્યું, ''બાદશાહ આપ ભારતમાં નવા નવા આવ્યા છો. આપને ભારતીય સંસ્કૃતિની જાણ નથી. ભારતની સંસ્કૃતિ એ છે કે જ્યારે કોઈ આપણે ઘેર આવે ત્યારે તેનું સ્વાગત કરી તેને ભોજન કે પાણી આપવું જોઈએ અને પછી વાતચીત કરવી જોઈએ. એકદમ પ્રશ્નો પૂછવાનો રિવાજ ભારતનો નથી.''

બાદશાહે ભોંઠા પડીને કહ્યું, ''બોલ, તું શું લઈશ ?''

બાળકે કહ્યું, ''હું તો નાનો બાળક છું. મને દૂધ ફાવશે.''

બાદશાહે એક પ્યાલામાં દૂધ મંગાવ્યું ને બાળકના હાથમાં આપી કહ્યું, ''લે, પી જા બચ્ચા.''

બાળકે પ્યાલો લઈને અંદર જોવા માંડ્યું. આમ તેમ જોયું અને પછી અંદર આંગળી નાખી કશું કાઢવા લાગ્યો. આ જોઈ બાદશાહે નવાઈ પામી પૂછ્યું, "આ તું શું કરે છે ? દૂધ પીતો કેમ નથી."

બાળકે કહ્યું, "જહાંપનાહ ! મેં સાંભળ્યું છે કે દૂધમાં માખણ રહેલું છે પણ માખણ તો ક્યાંયે જણાતું જ નથી !"

હસીને અકબર બોલ્યો, "તું હજી નાદાન બાળક છે. તને તે નહિ સમજાય. માખણ દૂધની અંદર છે જ. એને જોવું હોય તો દહીં નાખીને દૂધ જમાવવું પડે. દહીં જામ્યા પછી તેને સારી પેઠે વલોવવું પડે અને પછી માખણ ઉપર આવે."

બાળકે કહ્યું, "તો સાંભળો જહાંપનાહ ! આપના પહેલા બે પ્રશ્નોના જવાબ એ છે કે ઈશ્વર સર્વત્ર છે. આ જગતના ખૂણેખૂણામાં તે રહે છે. પણ એનું દર્શન ત્યારે થાય છે, જ્યારે મનને ૐ (ઓમ) ના જપનું દહીં નાખીને જમાવવામાં આવે. પછી ધ્યાન, ધારણા અને સમાધિની વલોણીથી વલોવવામાં આવે ત્યારે ભક્ત તેના હૃદયમાં ભગવાનને પોતાની સન્મુખ જુએ છે."

બાદશાહે કહ્યું, "વાહ ! મારા બે પ્રશ્નોના ઉત્તર તો તેં આપી દીધાં, હવે કહે કે ઈશ્વર શું કરે છે ?"

બાળકે પૂછ્યું, "પ્રશ્ન આપ ગુરુ બનીને પૂછો છો કે શિષ્ય રૂપે ?"

બાદશાહે કહ્યું, "શિષ્ય રૂપે."

બાળકે જણાવ્યું, "કમાલના શિષ્ય તમે તો છો ! ગુરુ તો નીચે જમીન પર ઊભા છે ને શિષ્ય સિંહાસન પર બેઠા છે !"

શરમાઈ બાદશાહ નીચે ઊતર્યો અને બાળકને પોતાની જગ્યાએ બેસાડ્યો અને હાથ જોડીને પૂછ્યું, "હવે બતાવો, ઈશ્વર શું કરે છે ?"

હસીને બાળકે જણાવ્યું, "ઈશ્વર ઉપરવાળાને નીચે અને નીચેવાળાને ઉપર બેસાડે છે."

અગાઉના જમાનાના રાજા-મહારાજાઓનાં રાજ્ય ચાલ્યાં ગયાં છે. તેમના વારસદારો નોકરી-ધંધાની શોધમાં ફરે છે અને થોડાં વર્ષો પહેલાં જેઓ જેલમાં કેદી હતા તેઓ રાજ્યની ધૂરા સંભાળે છે !

કર્મનો સિદ્ધાંત અકળ છે. જ્યારે બધા છોડીને જતાં રહે છે અને બધી આશાઓ સમાપ્ત થઈ જાય છે ત્યારે ઈશ્વર માનવી પાસે રહે છે અને તેની રક્ષા કરે છે.

## દુશ્મનને દીધાં દાણા પાણી !


બાજીરાવ પેશવાની સેનાઓએ હૈદરાબાદના નિઝામની સેનાઓને ચારેકોરથી ઘેરી લીધી હતી. નિઝામની સેનાને અનાજ અને પાણી મળવાના બધા રસ્તા બંધ કરી દીધા હતા. એ સેના ધીરે ધીરે ભૂખે મરવા લાગી.

એટલામાં ઈદનો તહેવાર આવ્યો. બાજીરાવે પોતાના સેનાપતિઓને બોલાવ્યા. તેમની પાસે દરખાસ્ત મૂકી કે નિઝામના સૈનિકોને દાણાપાણી મોકલવાં. તેઓ ઈદનો તહેવાર સારી પેઠે ખાઈપીને ઉજવી શકે તેવી સગવડ કરી આપવી.

સેનાપતિઓનો મત એવો પડ્યો કે શત્રુ માંડ આપણા સકંજામાં સપડાયો છે. અત્યારે તો આપણે એના પર હલ્લો કરીને એને હરાવવો જોઈએ.

પણ બાજીરાવે કહ્યું, "નિઝામ આપણો દુશ્મન તો ખરો જ, પરંતુ આપણે માણસ છીએ. આપણી માણસાઈ લજાવી નહિ જોઈએ. ભૂખી સેના પર હુમલો કરીને એને હરાવવી તે શૂરવીરતાનું લક્ષણ નથી. દુનિયાને ખબર પડવી જોઈએ કે મરાઠા શૂરવીરો સરખેસરખા શૂરવીરો સામે લડીને જ વિજય મેળવવામાં માને છે."

અને થોડી જ વારમાં અનાજ ભરેલાં બળદગાડાં અને પાણીની ટાંકીઓ નિઝામની સેના ભણી રવાના થયાં !



II Shri Param Krupalu Devay Namah II

# YUVATIMES

Hame Jeena Sikha Diya

**Inspired by PUJYA ATMANANDJI**



## Pride has a Fall

Chatursingh was a famous sculptor. His sculptures looked real ones. One day he saw a dream that after fifteen days, the demon of death would come to take him. Chatursingh prepared nine statues of himself and when on the 15th day he heard the demon of death coming, he took his place between the statues. The demon could not recognize him and was astonished to see ten Chatursingh's instead of one. He rushed back to the God of death and told the matter. The God of death got annoyed and set out to take Chatursingh himself. Chatursingh was alert and stood motionless. The God of Death initially got perplexed. But he thought for a moment. He said, "Chatursingh, these sculptures would have been perfect but for one mistake." Chatursingh was unable to suffer the least blemish in his work. He came out and asked, "Where is the fault?" God of Death caught him and said, "HERE". The statues were faultless but Chatursingh was caught because of his ego and pride.

MORAL: Pride has A Fall.

## The House of 1000 Mirrors...

**Our life is actually a reflection of our thoughts and actions.** Long ago in a small, far away village, there was place known as the House of 1000 Mirrors. A small, happy little dog learned of this place and decided to visit. When he arrived, he bounced happily up the stairs to the doorway of the house. He looked through the doorway with his ears lifted high and his tail wagging as fast as it could. To his great surprise, he found himself staring at 1000 other happy little dogs with their tails wagging just as fast as his. He smiled a great smile, and was answered with 1000 great smiles just as warm and friendly. As he left the House, he thought to himself," **This is a wonderful place. I will come back and visit it often."**

In this same village, another little dog, who was not quite as happy as the first one, decided to visit the house. He slowly climbed the stairs and hung his head low as he looked into the door. When he saw the 1000 unfriendly looking dogs staring back at him, he growled at them and was horrified to see 1000 little dogs growling back at him. As he left, he thought to himself,**" That is a horrible place, and I will never go back there again."**

**MORAL:** Most of the events in our life are a reflection of our attitude and our thought process

## What makes all the difference in your Effort!!

Engine of a huge ship failed. The ship's owners tried one expert after another, but none of them could figure how to fix the engine. Then they brought in an old man who had been fixing ships since he was a youngster. He carried a large bag of tools with him, and when he arrived, he immediately went to work. He inspected the engine very carefully, top

to bottom. Two of the ship's owners were there, watching this man, hoping he would know what to do. After looking things over, the old man reached into his bag and pulled out a small hammer. He gently tapped something. Instantly, the engine lurched into life. He carefully put his hammer away. The engine was fixed! A week later, the owners received a bill from the old man for ten thousand dollars. "What?!" the owners exclaimed. "He hardly did anything!"

So they wrote the old man a note saying, "Please send us an itemized bill."

The man sent a bill that read:

Tapping with a hammer ........................ $ 2.00

Knowing where to tap ...........................$ 9998.00

**MORAL:** Effort is important, but knowing where to make an effort in your life makes all the difference.

## BE HUMBLE

A lady in a faded dress and her husband, dressed in a homespun threadbare suit, stepped off the train in Boston and walk timidly without an appointment into the Harvard University president's office. The secretary could tell in a moment that such poor people would only be wasting the president's time. "We want to see the president", the man said softly.

"He is busy all day" the secretary replied bluntly. "We will wait" the lady replied.

For hours the secretary ignored them, hoping that the couple would finally become discouraged and go away. They did not and the secretary grew frustrated and finally decided to disturb the president. "Maybe if you see them for a few minutes, they would leave", she said to him.

He sighed in exasperation and nodded. Someone of his importance obviously did not have the time to spend with them, but he still agreed hesitantly. The president, stern faced and with dignity, strutted toward the couple. The lady told him, "We had a son who attended Harvard for one year. He loved Harvard. He was happy here. But about a year ago, he was accidentally killed. My husband and I would like to erect a memorial to him, somewhere on campus"

The president was not touched. He was shocked. "Madam" he said,"We cannot put up a statue for every person who attended Harvard and died. If we did, this place would look like a cemetery."

"Oh, no" the lady explained quickly. "We do not want to erect a statue. We thought we would like to donate a building to Harvard." The president rolled his eyes. He glanced at the gingham dress and homespun suit, and then exclaimed, "A building! Do you have any earthly idea how much a building costs? The buildings of Harvard cost close to 7.5 million dollars."

For a moment the lady was silent. The president was pleased. Maybe he could get rid of them now. The lady turned to her husband and said quietly, "Is that all it costs to start a university? Why don't we just start our own?" Her husband nodded.

The president's face wilted in confusion and bewilderment. Mr. and Mrs. Leland Stanford got up and walked away, traveling to Palo Alto, California where they established the University that bears their name, Stanford University, a memorial to a son that Harvard no longer cared about.

## સમાજ-સંસ્થા દર્શન

### શ્રી આત્મસિદ્ધિપારાયણ

**[૧]** આપણી સંસ્થામાં સ્વ. બહેનશ્રી સવિતાબેન હસમુખભાઈ શાહ (વડોદરા) ના આત્મશ્રેયાર્થે તેઓના કુટુંબીજનો તરફથી તા. ૮-૧-૧૨ ના રવિવારના દિવસે શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રનું પારાયણ રાખવામાં આવ્યું હતું. પારાયણ બાદ પૂજ્યશ્રી આત્માનંદજીએ વચનામૃત પત્રાંક ૪૪૯ ના આધારે સ્વાધ્યાય આપણા જણાવ્યું કે શ્રી આત્મસિદ્ધિ જ્ઞાન-વૈરાગ્યનો ગ્રંથ છે. આત્મામાં જે મળ (મલિનતા) છે તેને કારણે સ્વરૂપ સમજાતું નથી અને મોક્ષમાર્ગમાં પ્રગતિ થતી નથી. વિક્ષેપ એટલે ચંચળતા. કર્મને વશ થવાથી જીવ અનાદિકાળથી અજ્ઞાની છે. સત્પુરુષનો બોધ મળે અને તે બોધને આત્મસાત્ કરે તો અજ્ઞાનની નિવૃત્તિ થાય. ઘણા કાળની સાધના અને સદ્‌ગુરુના યોગથી આત્માની મલિનતા દૂર થાય છે. મળ, વિક્ષેપ અને અજ્ઞાન મટે ત્યારે ખરું ધ્યાન લાગે છે.

ગાંધીચીંધ્યા રાહે ચાલનાર સમાજસેવક અને સાહિત્યકાર વિશ્વમંગલમ્, અનેરા સંસ્થાનાં સ્થાપક આદ.શ્રી ગોવિંદભાઈ રાવલે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે સ્વ. સવિતાબેનને પૂજ્યશ્રી આત્માનંદજી પ્રત્યે અનન્ય શ્રદ્ધા હતી. પૂજ્યશ્રી આત્માનંદજીના સાન્નિધ્યમાં કોબાની સંસ્થામાં રહીને સવિતાબેન સાધના કરતા હતા. તેઓશ્રીના દીકરા અનિલભાઈ, પુત્રવધૂ મીનાબેન, દીકરી રેખાબેન તથા કુટુંબીજનોએ તેમની ખૂબ સારી સેવા કરી હતી. કષાયો ઓગળે અને મહાન પુણ્યનો ઉદય હોય તો સત્સંગનો યોગ મળે. સત્સંગરૂપી જળથી આત્મા પર લાગેલા જન્મજન્માંતરના કર્મના પડ ધોવાઈ જાય છે.

પૂજ્ય બહેનશ્રીએ સંસ્થા તરફથી સ્વ. સવિતાબેનને સ્મરણાંજલી અર્પી હતી. આ પ્રસંગે સ્વ. સવિતાબેનના કુટુંબીજનો સારી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. આદ.શ્રી અનિલભાઈ હસમુખભાઈ શાહ તરફથી સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું.

**[૨]** આપણી સંસ્થામાં તા. ૧૩-૧-૧૨ ના દિવસે રાજકોટ નિવાસી આદ.શ્રી શશીકાંતભાઈ સંઘવી પરિવાર તરફથી શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રનું પારાયણ રાખવામાં આવ્યું હતું. ત્યારબાદ પૂજ્યશ્રીની 'સદ્‌વિવેક વડે વૈરાગ્યની પ્રાપ્તિ' વિષય આધારિત ડી.વી.ડી. મૂકવામાં આવી હતી. આ પ્રસંગે આદ.શ્રી શશીકાંતભાઈ સંઘવી પરિવાર તરફથી સ્વામિવાત્સલ્ય તેમજ ૧૦/- રૂપિયાની પ્રભાવના કરવામાં આવી હતી. આ પ્રસંગે આદ.શ્રી શશીકાંતભાઈ પરિવારના સભ્યો અને સ્નેહીજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

### જૈન ધર્મનું સર્વગ્રાહી જ્ઞાન આપતા જૈનપીડિયા દ્વારા ઈ-યુગમાં પ્રવેશ

જૈનસાહિત્ય, દર્શન, આચાર, વિજ્ઞાન, કલા અને સંસ્કૃતિ દર્શાવતી જૈનપીડિયાની ઓનલાઈન વેબસાઈટનો પ્રારંભ થઈ ચૂક્યો છે. આના પ્રથમ ચરણ રૂપે લંડનના વિક્ટોરિયા અને આલ્બર્ટ મ્યુઝિયમમાં જૈનપીડિયાનું પ્રદર્શન અને એનો ડિજિટલ સંગ્રહ ઈંગ્લેન્ડના પ્રિન્સ ઓફ વેલ્સની ઉપસ્થિતિમાં રજૂ કરવામાં આવ્યો હતો. એ પછી ગયા સપ્ટેમ્બરમાં મુંબઈમાં જૈનપીડિયાનું 'બીટા વર્ઝન' અગ્રણી જૈનો

સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું અને હવે જૈનપીડિયા ઓનલાઈન દ્વારા શાસ્ત્રીય ગ્રંથો અને પ્રાચીન હસ્તપ્રતોમાં રહેલું જ્ઞાન વિશ્વવ્યાપક બને તે માટે પ્રયાસ થઈ રહ્યો છે.

પાંચ વર્ષ સુધી ચાલનારા આ પ્રોજેકટનો મુખ્ય હેતુ ૨૧મી સદીની યુવા પેઢીને આધુનિક ટેકનોલોજીની મદદથી જૈન ધર્મનો સર્વગ્રાહી પરિચય કરાવવાનો છે. અત્યંત દુર્લભ અને મહત્ત્વની હસ્તપ્રતો, જૈન ધર્મના સિદ્ધાંતો, ઈતિહાસ, ચિત્રકલા, ક્રિયાઓ, મૂલ્યો, ખગોળ વિશેનો ખ્યાલ આપતી આ ઓનલાઈન વેબસાઈટ દ્વારા જૈન ધર્મનું વ્યાપક જનસમૂહ સુધી જ્ઞાન પહોંચાડવાનો હેતુ રખાયો છે. આ ઉપરાંત નવી પેઢીને એના ભવ્ય વારસા તરફ અભિમુખ કરવી, જૈન સમાજ પરસ્પર સાથે ગાઢ સંપર્કમાં આવે એવો પ્રયત્ન કરવો તેવો પણ આશય છે. વળી, આમાં ઈન્ટરેક્ટિવ વ્યવસ્થા હોવાથી અને બીજી પુષ્કળ સામગ્રી આપવાનું આયોજન હોવાથી જૈનધર્મનો એન્સાઈક્લોપેડિયા પ્રાપ્ત થશે.

વિદેશમાં વસતા જૈનોની ત્રીજી પેઢીએ આ ભગીરથ કાર્ય ઉપાડ્યું છે અને જૈનપીડિયાના પ્રોજેક્ટ ડાયરેક્ટર અને લંડનમાં વસતા સાહસિક ઉદ્યોગપતિ પિસ્તાળીસ વર્ષના મેહુલ સંઘરાજકા અને એમની ટીમ આને માટે સતત કાર્યરત છે. બ્રિટીશ સરકારના હેરિટેજ ગ્રાન્ટ ફંડે અને જગતભરના જૈન સમાજોએ આ પ્રોજેક્ટને સહયોગ પૂરો પાડ્યો છે. આની સાથે 'લર્ન જૈનિઝમ' અને 'જૈન સ્પિરિટ' નામની વેબસાઈટ પણ કાર્યરત બની છે, જેમાં 'લર્ન જૈનિઝમ' માં જૈન ધર્મના શિક્ષણ વિશેની અભ્યાસસામગ્રી તેમજ 'જૈન સ્પિરિટ' માં જૈન દર્શનનાં ગંભીર વૈચારિક અન સંશોધનાત્મક લેખો રજૂ થશે. જૈનપીડિયાને અનુલક્ષીને પ્રદર્શન, પરિસંવાદ, શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને સાંસ્કૃતિક પ્રસંગોનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે. આ પ્રોજેક્ટના મુખ્ય કાર્યકર્તા ડૉ. મેહુલભાઈ સંઘરાજકા છે અને આ કાર્યમાં યુનિર્વસિટી ઓફ પેરિસના પ્રો. ડો. નલિની બલબીર નિષ્ણાત તરીકે સેવા આપે છે. જૈનોલોજીની ભારત ખાતેની સંપૂર્ણ કાર્યવાહી માનદ્ ટ્રસ્ટી, પદ્મશ્રી ડૉ. કુમારપાળભાઈ દેસાઈ અમદાવાદ સ્થિત શાખામાંથી સંભાળે છે. ભારત ઉપરાંત યુ.કે. ના ટ્રસ્ટીઓ એની સફળતા માટે અથાગ જહેમત ઉઠાવી રહ્યા છે. એક અર્થમાં કહીએ તો જૈન ધર્મનો સમગ્ર વારસો જૈનપીડિયા દ્વારા ઈ-યુગમાં પ્રવેશી રહ્યો છે.

## પરમકૃપાળુદેવના જીવનચરિત્ર પર આધારિત 'અત્ર ને તત્ર તું સર્વત્ર' નાટ્યપ્રયોગ સંપન્ન

શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર, અમદાવાદના ઉપક્રમે શ્રીમદ્ રાજચંદ્રજીના જીવન પર આધારિત ઉપરોક્ત નાટ્યપ્રયોગ તા. ૩૧-૧-૨૦૧૨ ના રોજ ટાગોર હોલ, અમદાવાદ ખાતે યોજાઈ ગયો. વિપુલ શાહ નિર્મિત અને વિપુલ શર્મા દિગ્દર્શિત સુંદર નાટ્યપ્રયોગને સૌ મુમુક્ષુઓએ બિરદાવ્યો હતો. નાટકના અંતે સંસ્થાના પ્રમુખશ્રી દિનેશભાઈ શાહ તથા સેક્રેટરીશ્રી અરવિંદભાઈ પી. શાહ દ્વારા નિર્માતા, દિગ્દર્શક, કલાકારો તથા નાટકનું સંકલન કરનાર મુમુક્ષુ શ્રી દિનેશભાઈ પરીખનું સ્મૃતિચિહ્ન અર્પણ કરી અભિવાદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વડવા, અમદાવાદ, ઈડર, કોબા, કુકમા, ધરમપુર વગેરે સંસ્થાઓના હોદ્દેદારો, પ્રતિનિધિઓ તથા સારી સંખ્યામાં મુમુક્ષુઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રતિભાશાળી જૈન વિદ્યાર્થીઓનો મુંબઈ ખાતે અભિવાદન સમારંભ સંપન્ન

પૂજ્ય ઉપાધ્યાયશ્રી જ્ઞાનસાગરજી મહારાજના શુભાશીર્વાદ પૂર્વક ધો-૧૦ થી ધો-૧૨ ના ૯૦ ટકાથી ઉપર મેરિટમાં સ્થાન પ્રાપ્ત કરનાર પ્રતિભાશાળી જૈન વિદ્યાર્થીઓનું જ્ઞાન પ્રતિભા સંસ્થાન (સૂર્યનગર), ગાજિયાબાદ (ઉ.પ્ર.) દ્વારા પ્રતીકચિહ્ન, મેડલ તથા પ્રમાણપત્ર અર્પણ કરીને સન્માન કરવામાં આવેલ. તા. ૨૧-૧૨-૨૦૧૧ ના દિવસે મુંબઈ ખાતે મુકામે ઉપાધ્યાય મુનિશ્રી ૧૦૮ જ્ઞાનસાગરજી મહારાજના મંગલ સાન્નિધ્યમાં ભારતના વિવિધ રાજ્યોના ૩૦૦ જેટલા પ્રતિભાશાળી જૈન વિદ્યાર્થીઓનો ૧૨મો અભિવાદન સમારંભ યોજાઈ ગયો. આ વિદ્યાર્થીઓએ દેશસેવા, માતા-પિતાની સેવા તથા જૈન સંસ્કૃતિની સેવા કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

## 'આગમોનો અંગ્રેજી અનુવાદ' મહામિશનનો શ્રુતપૂજન સાથે મંગલ પ્રારંભ

ભગવાન મહાવીરના ઉપદેશગ્રંથો - આગમો વિશ્વવ્યાપી બને એવા મંગલ ભાવો સાથે પૂજ્યશ્રી નમ્રમુનિ મ.સા. આગમોનો અંગ્રેજી અનુવાદ કરવાનો શુભ સંકલ્પ કરેલ છે. તે અંતર્ગત પાવનધામ, કાંદીવલી (મુંબઈ) મુકામે શ્રુતપૂજન અને આગમ અનુમોદનાનો સમારોહ યોજાઈ ગયો. આ અવસરે અનેક સંત-સતીજીઓ તથા ભાવિક ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

## ત્રિભોવનતીર્થ, રાજકોટ મુકામે સ્થાનકવાસી જૈન સાધ્વીજીઓની વૈયાવચ્ચ અંગે

શ્રી આદિનાથ મહિલા સેવા ટ્રસ્ટ રાજકોટ સંચાલિત ત્રિભોવન તીર્થ રાજકોટથી ૨૦ કિ.મી. દૂર શ્રી દીપચંદભાઈ ગાર્ડી વિદ્યાપીઠ સામે, કાલાવડ રોડ પર આવેલું છે. વિહાર ન કરી શકતા સ્થાનકવાસી જૈન સાધ્વીજીઓ માટે સ્થિરવાસ અને વૈયાવચ્ચની સુવિધાઓ રાખવામાં આવી છે.

સંપર્ક : મો. ૯૯૭૮૮ ૨૦૩૮૯

## વૈરાગ્ય સમાચાર




**(૧) સુરેન્દ્રનગર :** આપણી સંસ્થા સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલ પરોપકારી અને લાગણીશીલ સ્વભાવ ધરાવતા મુમુક્ષુ આદ. **ભાઈશ્રી સુરેશભાઈ વર્ધમાનભાઈ શેઠનું તા. ૨૭-૧-૨૦૧૨, શુક્રવાર** ના દિવસે ૬૫ વર્ષની ઉંમરે દેહાવસાન થયું છે. મળતાવડો સ્વભાવ અને કરુણા એ સુરેશભાઈના વ્યક્તિત્વની વિશેષતા હતી. દુઃખી જીવોને મદદરૂપ થવાની તેઓની ભાવના ખરે જ સરાહનીય છે. નાના માણસો સાથેનો પણ તેઓનો સ્નેહસભર વ્યવહાર આપણને સૌને 'સર્વાત્મમાં સમદૃષ્ટિ' ની પ્રેરણા આપી જાય છે. કુટુંબને મદદરૂપ થવાની તત્પરતા, વાત્સલ્યભાવ, બાળકોમાં સુસંસ્કારોનું સિંચન, ધંધામાં સાહસિકતા, અપ્રતિમ પુરુષાર્થ, ઉદારતા, વેપારમાં પ્રામાણિકતા, કાર્યનિષ્ઠા વગેરે તેઓના સમુચ્ચય વ્યક્તિત્વના ધ્યાનાકર્ષક પાસાઓ છે. તેમની પાસે ફંડફાળો ઉઘરાવવા આવનાર લોકો કદી ખાલી હાથે પાછા જતા નહિ. તેઓશ્રી અવારનવાર ગુપ્તદાન પણ કરતા. ગરીબોને અન્નદાન આપીને તેઓને ખૂબ આત્મસંતોષ થતો. તેઓશ્રી ગુરુઆજ્ઞા

પ્રમાણે જીવન જીવવાનો યત્ન કરતા હતા. તેઓશ્રી ઘણી સામાજિક અને ધાર્મિક સંસ્થાઓ સાથે જોડાયેલા હતા. આવી સંસ્થાઓ તેમજ પાંજરાપોળમાં તેઓશ્રી ઉદાર હાથે દાન આપતા. તેઓશ્રીએ અનેક સંતોની સેવાભક્તિ કરીને શુભાશીર્વાદ મેળવ્યા છે.

શ્રી સુરેશભાઈને પૂજ્યશ્રી આત્માનંદજી પ્રત્યે અનન્ય ભક્તિભાવ હતો. તેઓ અવારનવાર સંસ્થામાં પધારી પૂજ્યશ્રીના સત્સંગ-ભક્તિનો લાભ લેતા હતા. તેઓશ્રીના ધર્મપત્ની આદ.શ્રી વર્ષાબેન શેઠ પણ સપરિવાર સંસ્થામાં પધારીને સત્સંગ-ભક્તિનો લાભ લેતા રહે છે. શ્રી સુરેશભાઈ પોતાના કુટુંબીજનોને ધર્મનો વારસો સોંપતા ગયા છે. શ્રી સુરેશભાઈએ સમતાભાવે, જાગૃતિપૂર્વક, ધર્મનું શ્રવણ કરતાં કરતાં નશ્વર દેહનો ત્યાગ કર્યો. દેહત્યાગના અડધો કલાક પહેલાં તેઓએ સંથારો ગ્રહણ કર્યો હતો. અંતિમ સમયે પૂજ્યશ્રી આત્માનંદજીના આશ્રયમાં રહી દેહત્યાગ કરવાની તેઓની ભાવના હતી. તેઓની સ્મશાનયાત્રામાં ઘણી મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા, જે તેઓ નિઃસ્વાર્થ અને પરોપકારી જીવન જીવ્યા તેની સાબિતી છે. સ્વર્ગસ્થનું ચક્ષુદાન કરવામાં આવ્યું હતું. પૂજ્યશ્રી પ્રમુખસ્વામી મહારાજે શ્રી સુરેશભાઈને શ્રદ્ધાંજલી અર્પી હતી. આપણી સંસ્થા વતી આદ.શ્રી મનહરભાઈ જસવાણી, આદ. શ્રી કિશોરભાઈ શેઠ સહિત મુમુક્ષુઓ શ્રી સુરેશભાઈની પ્રાર્થનાસભામાં જોડાયા હતા. આદ.શ્રી મનહરભાઈ જસવાણીએ સંસ્થા વતી સ્વર્ગસ્થ આત્માને શ્રદ્ધાંજલી અર્પી હતી. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે તથા તેઓની પરમપદની પ્રાપ્તિની યાત્રા નિર્વિઘ્ને પૂર્ણ થાય તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.



(૨) પૂજ્યશ્રીના લઘુબંધુ **શ્રી રણજીતભાઈ સોનેજી**નું તા. ૪-૧-૨૦૧૨ ના રોજ કેનેડા મુકામે દેહાવસાન થયું છે. સદ્‌ગત્‌શ્રી જ્યારે પણ ભારતની મુલાકાતે આવતા ત્યારે નિયમિત રીતે કોબા આશ્રમમાં આવીને સત્સંગનો લાભ લેતા હતા. તેઓનો લાગણીશીલ અને પ્રેમાળ સ્વભાવ, ઉદાત્ત વર્તન, મિલનસાર પ્રકૃતિ, ધર્મપ્રિયતા વગેરે સદ્‌ગુણો અનુકરણીય છે. સ્વર્ગસ્થના આત્માને ચિર શાંતિ મળે તેવી કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.



(૩) **વડાલી :** પરમકૃપાળુદેવના ભક્ત, સત્સંગી અને ભક્તિકાર **આદ.શ્રી સોમાજીભાઈ બારોટ**નું તા. ૧૨-૧-૨૦૧૨ ના દિવસે ૮૦ વર્ષની વયે દેહાવસાન થયું છે. શ્રી સોમાજીભાઈ સાબરકાંઠામાં યોજાતાં સત્સંગના કાર્યક્રમોમાં ભાગ લેતા અને ઉત્સાહપૂર્વક ભાવથી સૌને ભક્તિ કરાવતાં. પૂજ્યશ્રી આત્માનંદજી પ્રત્યે તેઓને ખૂબ અહોભાવ હતો. તેઓ પ્રસંગોપાત આપણી સંસ્થામાં પધારી સત્સંગનો લાભ લેતા હતા. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

(૪) **કોબા :** આપણી સંસ્થાના કાર્યકર **શ્રી કોકિલાબેન રાવળ**નું તા. ૩૧-૧-૨૦૧૨ના દિવસે દેહાવસાન થયું છે. શ્રી કોકિલાબેને સંસ્થાના ભોજનાલયમાં ઘણા વર્ષો સુધી સેવાઓ આપી હતી. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે તેવી કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.



પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીના જીવનચરિત્ર પર આધારિત નાટ્યપ્રયોગના
દીપ-પ્રાગટ્ય વેળાએ ઉપસ્થિત પૂજ્ય બહેનશ્રી ડો. શર્મિષ્ઠાબેન સોનેજી,
આદ.ડો. જિતેન્દ્રભાઈ શાહ, આદ.શ્રી પ્રકાશભાઈ શાહ, આદ.શ્રી કાશીભાઈ પટેલ,
પ્રમુખશ્રી દિનેશભાઈ શાહ, સેક્રેટરીશ્રી અરવિંદભાઈ શાહ,
નિર્માતાશ્રી વિપુલભાઈ શાહ તથા દિગ્દર્શકશ્રી વિપુલભાઈ શર્મા
(ટાગોર હોલ, અમદાવાદ - તા. ૩૧-૧-૨૦૧૨)



'અત્ર ને તત્ર તું સર્વત્ર' - પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીના
જીવનચરિત્ર પર આધારિત નાટ્યપ્રયોગના કલાકારો સાથે
પ્રમુખશ્રી દિનેશભાઈ શાહ તથા સેક્રેટરીશ્રી અરવિંદભાઈ શાહ

Registered under RNI No. : GUJGUJ/2008/25883
Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal
Regd. No. : GAMC - 309/2012-14 issued by SSP Ahmedabad valid upto 31-12-2014

## લેખકો / સાહિત્યકારો / વિદ્વાનોને નિમંત્રણ

આગામી (માર્ચ-૨૦૧૨) 'દિવ્યધ્વનિ' અંક (પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીની) **પ્રતિષ્ઠા મહોત્સવ અંક** તરીકે પ્રસિદ્ધ થશે. આ અંક માટે પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીના જીવન-કવન, તેઓના અલૌકિક વ્યક્તિત્વ, તેઓની સાહિત્યરચનાઓ, પરમકૃપાળુદેવનું જીવનચરિત્ર વ્યક્ત કરતાં મૌલિક કાવ્યો, તેઓશ્રીના આધ્યાત્મિક જીવન વગેરે પર પ્રકાશ પાડતા લેખોને મોકલી આપવા લેખકો, સાહિત્યકારો, વિદ્વાનોને નિમંત્રણ છે. આશરે ૫૦૦ થી ૬૦૦ શબ્દોમાં સ્વહસ્તાક્ષરમાં લેખો મોકલવાં. સાથે પોતાનું નામ, સરનામું, ફોન નં. વગેરે માહિતી મોકલવી આવશ્યક છે. સંકલનરૂપ લેખો સ્વીકારવામાં આવશે નહિ. સંસ્થાની પ્રકાશન સમિતિ દ્વારા જે ઉત્કૃષ્ટ લેખોનો સ્વીકાર થશે તે આગામી અંકમાં પ્રગટ થશે. જે સાહિત્યકારોના લેખો પ્રગટ થશે તેઓને સંસ્થા તરફથી વિશિષ્ટ પુરસ્કાર આપવામાં આવશે. આપના લેખો મોડામાં મોડા **તા. ૨૫-૨-૨૦૧૨** સુધીમાં નીચેના સરનામે મોકલી આપવા વિનંતી છે.

**સંપાદકશ્રી, 'દિવ્યધ્વનિ', શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
કોબા, જિ. ગાંધીનગર - ૩૮૨૦૦૭. (ગુજરાત)

## આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા

'દિવ્યધ્વનિ' ફેબ્રુઆરી-૨૦૧૨ ના અંક માટે રૂા. ૧૧,૦૦૦/-નો આર્થિક સહયોગ
૧ **સરલાબેન બકુલભાઈ પારેખ** (ચેન્નાઈ)
તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

'દિવ્યધ્વનિ' ફેબ્રુઆરી-૨૦૧૨ ના અંક માટે રૂા. ૧૧,૦૦૦/-નો આર્થિક સહયોગ
૨ **સ્વ. સુમતિલાલ એમ. દોશીના સ્મરણાર્થે**
હસ્તે - નયનાબેન એસ. દોશી, ઘાટકોપર (પશ્ચિમ), મુંબઈ
તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

Printed & Published by Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of Shreemad Rajchandra Adhyatmik Sadhana Kendra, Koba - 382 007. Dist. Gandhinagar (Gujarat). Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate, Bardolpura, Ahmedabad - 380 004. Editor : Shri Mitesh A. Shah